# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

**ભાગ-૪**





પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન સ્વામિનારાયણ



જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

## સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનો લક્ષ્ય છે.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ **SMVS** સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૧૦૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૧૦૧ જેટલાં ત્યાગી મહિલામુક્તો, ૧૦,૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાનાં સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યાં છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુ:ખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે.

ભારત, યુ.કે., અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવા સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવા પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કૅમ્પ, રક્તદાન કૅમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.

# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

**ભાગ-૪**

**લેખનકાર્ય**

સાહિત્ય લેખન વિભાગ

**પ્રકાશક**

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ

સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર–૩૮૨૪૨૧

# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

## ભાગ-૪

**રજૂકર્તા** : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

**આદ્ય સ્થાપક** : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
પ.પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)

**પ્રેરક** : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

**પ્રકાશક** : સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ,
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર–૩૮૨૪૨૧
ફોન : ૯૯૨૫૨૩૭૦૦૪, Email : ssd@in.smvs.org

**આવૃત્તિ** : પ્રથમ, મે–૨૦૨૫

# ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના આશીર્વાદ

આપણા સૌના જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. જે સમગ્ર સંપ્રદાયના તમામ આશ્રિતગણનું લક્ષ્ય છે, નિશાન છે અને મુકામ છે. સૌએ એમના દિવ્ય સ્વરૂપમાં જોડાઈ છતે દેહે મૂર્તિસુખના અનુભવી થવું અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિને પામવી એ જ અંતિમ લક્ષ્ય સેવવાનું છે. છતાં શ્રીજીમહારાજના પ્રાગટ્યથી માંડીને આ લોકમાં દેખાતો ભાવ અદશ્ય કર્યો ત્યાં સુધીના તેઓના તમામ ચરિત્રો પણ અતિ દિવ્ય ને કલ્યાણકારી જ છે. એ ચરિત્રોનું વાંચન, મનન અને ચિંતન પણ અંતઃકરણને શુદ્ધ અને પવિત્ર કરનાર છે.



આ વાતને સમર્થન આપતાં શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૫૮મા વચનામૃતમાં કહ્યું છે, ‘અમે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને અમારો મહિમા પણ આવી જાય.’

આમ, સ્વામિનારાયણ મહાપ્રભુના દિવ્યજીવનનું વૃત્તાંત સૌના માટે સદાય સુખિયા થવા પથદીપક સમાન છે. માટે સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય ચરિત્રો સર્વેએ એકાગ્રતાથી વાંચવા... તો મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાનનો જેમ છે તેમ મહિમા જરૂર સમજાશે અને તેમની મૂર્તિનું ખૂબ ખૂબ સુખ આવશે...

દાસાનુદાસ સેવક<br>
સાધુ સત્યસંકલ્પદાસના<br>
જય સ્વામિનારાયણ

# પ્રસ્તાવના

'મૂળો નાસ્તિ કુતો શાખા' એમ જેમણે દેહ ધર્યો જ નથી તો પછી ચરિત્રો શાનાં..? તેથી સૌને જરૂર પ્રશ્ન થાય કે સંવત ૧૮૩૭ની સાલમાં છપૈયામાં ધર્મપિતા-ભક્તિમાતાને ઘેર ઘનશ્યામ પ્રભુ પ્રગટ્યા. અગિયાર વર્ષ સુધી અનેક બાળચરિત્રો કર્યાં, સાત વર્ષ સુધી વનવિચરણ કર્યું. સદ્. રામાનંદ સ્વામી પાસે દીક્ષા લીધી, ધર્મધુરા ગ્રહણ કરી. સ્વામિનારાયણ સંપ્રદાય સ્થાપ્યો, ૩૦ વર્ષ સુધી સત્સંગમાં વિચર્યા ને સંવત ૧૮૮૬માં દેહ મૂક્યો. તો શું એ બધું ખોટું ?

ના. આમાંનું કશું જ ખોટું નથી. અવરભાવની દૃષ્ટિએ બધું સાચું જ છે. પરંતુ જેણે ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપને જેમ છે તેમ સર્વોપરી, સનાતન, સર્વાવતારી, અજોડ, દિવ્યાતિદિવ્ય, સર્વ કારણના કારણ, ભવ્યાતિભવ્ય, સદા સાકાર અને સદા પ્રગટ ને પ્રત્યક્ષ જાણી સર્વે અંગે નિશ્ચય કર્યો હોય, મહારાજના પરભાવના સ્વરૂપની દૃઢતા કરી હોય એના માટે એ નર-નાટક જ છે.

જેને દિવ્યભાવ છે તેને મહારાજના અવરભાવના ચરિત્રોમાં પણ પરભાવ જ જણાય. માત્ર જરૂર છે અવરભાવની દૃષ્ટિ અને સમજણ છોડવાની. કેમ જે પરભાવનું સ્વરૂપ ગમે તેટલું પોતાનું સર્વોપરીપણું, દિવ્યપણું છુપાવવા તથા દબાવવા પ્રયત્ન કરે તોપણ એ પ્રગટ્યા વિના છાનું રહે નહીં. પરંતુ દિવ્યભાવ વગર તેને ઓળખી કે પામી શકાય નહીં.

મહારાજનો મનુષ્યોને મનુષ્ય જેવાં દર્શન આપવા પાછળનો હેતુ એક જ હતો : અનંત જીવોને પોતા જેવા પુરુષોત્તમરૂપ પાત્ર કરવા. તો સ્વાભાવિક છે કે એમના અવરભાવનાં ચરિત્રો પણ પોતાના મૂળભૂત સંકલ્પને પૂરો કરવા માટે જ હોય.

સર્વોપરી મહાપ્રભુના દિવ્ય ચરિત્રોને વાંચી, માણી, તેમનાં ચરિત્રો સાથે સંલગ્ન થતાં હૃદયમાં શાંતિનો તથા સુખનો મહાસાગર ઘૂઘવવા લાગે છે.

માત્ર લીલાચરિત્રો વાંચી, સાંભળી એમાં જ આનંદ માણવો અને એમાં જ રાચવું એ કાર્ય સત્સંગની રીત છે. મહારાજ કયા ગામથી કયા ગામ ગયા અને

કેવી રીતે કોનો મોક્ષ કર્યો કે કોને સુખ આપ્યું એટલું માત્ર જાણવાથી પુરુષોત્તમરૂપ પાત્ર નથી થવાતું. અને એટલું કરવાથી મહારાજના એ ચરિત્રોનો જે હેતુ છે એ પણ પાર પડતો નથી. એ તો જ્યારે એ ચરિત્રોના માધ્યમથી મહારાજના પરભાવના સ્વરૂપનો અધિકાધિક મહિમા સમજાય. ત્યારબાદ આપણે પણ પરભાવમાં પહોંચીએ ત્યારે જ સ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રો વાંચ્યાં ને જાણ્યાંનો હેતુ પાર પડ્યો કહેવાય.

ભગવાન સ્વામિનારાયણના જીવનનું વિસ્તૃત દર્શન કરાવતી આ પુસ્તકની શ્રેણી ‘સ્વામિનારાયણ ચરિત્ર’ સંપ્રદાય માટે એસ.એમ.વી.એસ. સંસ્થાનું સૌથી મોટું યોગદાન ગણાશે. વળી, મૂળભૂત ગ્રંથ ભગવાન સ્વામિનારાયણમાંથી સંકલિત કરેલ આ પુસ્તકને સ્વામિનારાયણ ભગવાનના અવરભાવના સમગ્ર જીવનના સમયકાળ મુજબ વિવિધ ભાગમાં વિભાજિત કરવામાં આવી છે. અને વર્ષ દરમ્યાન નિયમિતપણે એના વિવિધ ભાગ પણ PDF રૂપે પ્રકાશિત કરવામાં આવશે. આ ભાગનું વાંચન તથા મનન કરીને આપણે શ્રીજીમહારાજના પ્રત્યેક ચરિત્રના હેતુને સ્વજીવનમાં લક્ષ્યાર્થ કરીએ. અપેક્ષા છે કે સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતમાત્રને ભગવાન સ્વામિનારાયણનું આવું દિવ્ય જીવનદર્શન અવશ્ય ગમશે જ...

- સાહિત્ય લેખન વિભાગ

# અનુક્રમણિકા


**૧. બંગાળ પ્રદેશમાં** (આ.સં.૧૮૫૩ - ઈ.સ. ૧૭૯૬-૯૭)

નીલકંઠ વર્ણી સિરપુર સિદ્ધવલ્લભ રાજાને ત્યાં.......................... ૧

તૈલંગી બ્રાહ્મણને થયેલો યોગ.......................................૫

અભિમાની પિબૈકનું પતન.......................................... ૮

નીલકંઠ વર્ણી નવલખા પર્વત પર....................................૧૦

ખવીસનો મોક્ષ.................................................૧૧

નિર્ભયના સંબંધે નિર્ભય.......................................... ૧૨

અધર્મીનો ઉચ્છેદ............................................... ૧૫

**૨. દક્ષિણ ભારતમાં** (આ.સં.૧૮૫૪ - ઈ.સ. ૧૭૯૮-૯૯)

નીલકંઠ વર્ણી માનસપુરમાં.........................................૧૭

તૈલંગ દેશના રાજાનો ઉદ્ધાર.......................................૧૯

સેવકરામ સાધુની સેવા............................................૨૧

પંક્તિભેદના પાપે................................................ ૨૩

ભગવાનદાસને ભેટો.............................................૨૫

નીલકંઠ વર્ણી ભૂતપુરી તરફ.......................................૨૮

## **૩. દક્ષિણથી ઉત્તર ભારત તરફ** (આ.સં.૧૮૫૫ - ઈ.સ. ૧૭૯૯)

નીલકંઠ વર્ણી કન્યાકુમારીથી ઉત્તર તરફ.................................૩૧

નીલકંઠ વર્ણી પંઢરપુરમાં.............................................૩૨

નીલકંઠ વર્ણી પૂનામાં................................................ ૩૩

નીલકંઠ વર્ણી બુરાનપુર તરફ.........................................૩૫



# ૧

# બંગાળ પ્રદેશમાં

**(આ.સં. ૧૮૫૩, ઇ.સ. ૧૭૯૬-૯૭)**

## નીલકંઠ વર્ણી સિરપુર સિદ્ધવલ્લભ રાજાને ત્યાં

"ગયા બંગદેશમાં દયાળ, આવ્યું સિરપુર શહેર વિશાળ;
સિદ્ધવલ્લભ તેનો છે રાયે, ગયા પોતે ત્યાં અણ ઈચ્છાયે."[૧]

અણ ઈચ્છાએ પૂર્વ બંગાળના સિરપુર શહેરમાં નીલકંઠ વર્ણી આવી પહોંચ્યા. સિરપુરના રાજા સિદ્ધવલ્લભ હતા. તેઓ ધાર્મિક પ્રકૃતિના ધર્મભીરુ વ્યક્તિ હતા. ધર્મમાં ખૂબ આસ્થાળુ હતા તેમજ સાધુ-સંતો પ્રત્યે ઘણો અનુરાગ રાખતા. શહેરમાં જે પણ અભ્યાગત આવતા તેમની અન્ન-વસ્ત્ર વગેરેથી સેવા કરતા.

સિદ્ધવલ્લભ રાજાના સિરપુર શહેરમાં વૈરાગીઓની ઘણી જમાતો આવતી. ઘણા સમય સુધી જમાતો પડી રહેતી. જુદી જુદી જાતના વૈરાગીઓની જમાતો એક પછી એક આવતી-જતી રહેતી. તેમાં કોઈ જંત્રમંત્રવાળા, કોઈ મેલી વિદ્યાના જાણનારા, કોઈ વ્યસની ને ફેલફિતૂર કરનારા, કોઈ ધર્મના નામે ધતિંગ કરનારા, કોઈના શિરે જટા તો કોઈનું મુંડન તો વળી કોઈ તપસ્વી પણ આવતા.

રાજા આ બધાની સરભરા કરી જમાડતા ને આશ્રય આપતા.

આજે નીલકંઠ વર્ણી પણ આ સિરપુરમાં પધાર્યા. સિદ્ધવલ્લભ રાજાને વર્ણીનાં દર્શન થયાં. દર્શન કરતાં રાજાને વર્ણીમાં અલૌકિકતા ભાસી. તેઓ તેમના સમીપે આવ્યા. વર્ણીનાં દર્શન કરતાં તેમને અન્ય જમાતોના વૈરાગી કરતાં તે કોઈક નિરાળા

૧. ભક્તચિંતામણિ : પ્રકરણ-૩૧

જ ભાસ્યા. તેઓ કોઈ જમાતમાં નહોતા. એકલાઅટૂલા હતા.

વર્ણીની કિશોરાવસ્થા હતી. નાની યુવાન વય હતી. તોપણ એમના મુખ પર કે કોઈ ક્રિયામાં યુવાનીના ભાવ પ્રદર્શિત થતા નહોતા. એમની કોઈ ક્રિયામાં ચંચળતા નહોતી. તેઓ ખૂબ ધીર-ગંભીર ને શાંત જણાતા હતા. એમના મુખ પર તપ-ત્યાગ-વૈરાગ્યની આભા ઝળહળતી હતી. આવા દિવ્ય ગુણો હોવા છતાં એમના અંતરે તેના અભિમાનનો અણસાર જોવો હોય તોપણ જોવા મળતો નહીં. તેઓ સરળ હૃદયી ને નિર્વેરી જણાતા હતા.

આવા દિવ્ય મૂર્તિ વર્ણીનાં દર્શન કરતાં જ રાજાના હૃદયમાં દિવ્યભાવ પ્રગટ થયો. આપોઆપ બંને હાથ વર્ણી સમક્ષ બિડાઈ ગયા. સહેજે સહેજે નિર્માનીપણું, દાસપણાના ભાવો ઉદ્‌ભવ્યા. રાજા ખુદ પોતાના મનના વિચારોમાં તથા આંતરતંત્રમાં થયેલા ફેરફાર જોઈને આશ્ચર્ય પામ્યા. તેમને થયું કે જેમનાં દર્શનમાત્રથી આટલો બધો આંતરતંત્રમાં ચમત્કારિક ફેરફાર થઈ જાય છે તો એમની સેવાથી, સમાગમથી ને એમને પ્રસન્ન કરવાથી જીવ મટી મુક્ત થાય એમાં નવાઈ શી ? રાજાએ વર્ણીની કશી જ પૃચ્છા કર્યા વિના જ મનમાં નિશ્ચય કરી નાખ્યો કે વર્ણીને અહીં રોકી રાખવા. તેમણે વર્ણીની નજીક આવી પ્રણામ કર્યા. ખૂબ ભાવથી તેમનો સત્કાર કર્યો. વિનયી રાજાની નમ્રતા જોઈ વર્ણી પણ અત્યંત પ્રસન્ન થયા. વાતમાંથી રાજાએ જાણી લીધું કે વર્ણી તો ક્યાંય ઝાઝું રોકાતા નથી. તેઓ સતત વિચરણ કરે છે. વળી, તેમને કોઈ પ્રકારની અપેક્ષા કે ખેવના નથી. તેઓ તદ્દન નિસ્પૃહી છે. આવા વર્ણીને કેમ કરીને રોકવા ? રાજાએ ઘણી ગડમથલ કરી પણ કોઈ ઉપાય ન સૂઝ્યો.

આખરે તેમણે વર્ણીને રોકાઈ જવા માટે ખૂબ ભાવથી, અંતરની સાચી લાગણીથી પ્રાર્થના કરી. આજીજી કરી. નીલકંઠ વર્ણી દયાળુ મૂર્તિ હતા. સાચા મુમુક્ષુની મુમુક્ષુતા તુરત પિછાની જતા. સિદ્ધવલ્લભ રાજા પર કરુણામૂર્તિએ કરુણા વરસાવી દીધી. તેઓ ત્યાં રોકાવા સંમત થયા. સિદ્ધવલ્લભ રાજાની સેવા અંગીકાર કરી નિત્ય દર્શન-સમાગમ કરાવી પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી રાજાને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવવો હતો. રાજા ભાવિક ને મુમુક્ષુ હતા. એવા જીવાત્મા પર કરુણા કરવા તેઓ ત્યાં રોકાઈ ગયા.

સિદ્ધવલ્લભ રાજાના આનંદનો કોઈ પાર ન રહ્યો. નીલકંઠ વર્ણી એકલા હતા. તેમની સેવા સમયે સમયે યોગ્ય રીતે થાય, તેમને કદી અગવડ ન પડે તેથી એક

બ્રહ્મચર્યનિષ્ઠ સાધુ ગોપાળદાસ તેમની સેવા માટે રાખ્યા. ગોપાળદાસ પણ સાચા મુમુક્ષુ હતા. વળી, નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. ને તેથી જ તો તેમને વર્ણીની જોડે સેવામાં રહેવાનું મળ્યું હતું. અન્યથા વર્ણીની સાથે સેવા તો શું, દર્શન પણ ન મળે ! ગોપાળદાસ સાધુ વર્ણીની નિત્ય સેવા ભક્તિભાવથી ને શ્રદ્ધાથી કરતા.

રાજા સિદ્ધવલ્લભ નિત્ય વર્ણીનાં દર્શન કરવા આવતા. તેમની સેવાની દેખરેખ જાતે રાખતા. તેમની પાસે સત્સંગ કરતા. વર્ણીનો ઉપદેશ ગ્રહણ કરતા ને તેને જીવનલક્ષી પણ બનાવી દેતા. રાજા જમાતના સંન્યાસીઓ કરતાં વિશેષ વર્ણીનું ધ્યાન રાખતા. સમય પણ વિશેષ વર્ણી સાથે વિતાવતા ને વર્ણીની આ સવિશેષ સરભરા સંન્યાસીઓની ઈર્ષ્યાનું કારણ બની ગઈ. સંન્યાસીઓ વર્ણીની અદેખાઈ કરવા લાગ્યા. રાજાની હાજરીમાં જ સંન્યાસીઓ તેમનો ઉપહાસ કરવા લાગ્યા. વર્ણી તેને ધ્યાન પર ન લેતા. સંન્યાસીઓ પોતાની સિદ્ધાઈની બડાશો રાજા સમક્ષ હાંકતા.

એક વખત મુશળધાર વરસાદ વરસવો શરૂ થયો. આભ ફાટ્યું હોય તેમ પુષ્કળ વરસાદ ખાબકવા માંડ્યો. ઘડીકમાં ચારેબાજુ જળબંબાકાર થઈ ગયો. જમીન પર પાણીનાં પૂર વહેવા માંડ્યાં. જે સંન્યાસીઓ પોતાને સિદ્ધ માનતા હતા તેઓથી વરસાદની ધારા સહન ન થવાથી ને વરસાદના પાણીમાં પોતાનું કશું તણાઈ ન જાય તે સારુ મકાનની કે ઝાડની ઓથ શોધી લપાઈ ગયા હતા.

જ્યારે નીલકંઠ વર્ણી ધ્યાન મુદ્રામાં અલમસ્ત બિરાજ્યા હતા. વરસાદની ધારાઓ વર્ણીનો અવિરત અભિષેક કરતાં થાકતી નહોતી. વર્ણી ધ્યાનસ્થ મુદ્રામાં બિરાજી રહ્યા. વરસાદી પૂરનાં પાણી એમના શરીર ફરતે ફરી વળ્યાં. પાણી સાથે આવેલ કાદવ-કીચડ પણ વર્ણીના શરીર ફરતે વળગી ગયા. આ બધું સંન્યાસીઓ દૂરથી સંતાઈને જોઈ રહ્યા હતા. વર્ણીની આવી દુર્દશા જોઈ મનમાં મલકાઈ રહ્યા હતા.

વરસાદ થોડો ધીમો પડતાં વર્ણીને વાવાઝોડામાં કોઈ મુશ્કેલી પડી નથી ને તેની સંભાળ લેવા સિદ્ધવલ્લભ રાજા આવ્યા. તેમણે જોયું તો નીલકંઠ વર્ણી વરસતા વરસાદમાં પલાંઠી વાળી ધ્યાનમગ્ન અવસ્થામાં બિરાજ્યા હતા. આખા શરીર ફરતે કાદવ-કીચડનો થર બાઝી ગયો હતો. વર્ણી પર વરસાદની કોઈ જ અસર નહોતી. તેની તેમને પરવા પણ નહોતી. અલમસ્ત એક જ સ્થિતિમાં બિરાજ્યા હતા. વર્ણીમાં રાજાને દેહાતીત સ્થિતિનાં દર્શન થયાં. સાચી સિદ્ધાઈ કોને કહેવાય ? તેની ખબર

રાજાને વર્ણીની અલમસ્ત સ્થિતિ જોઈને પડી.

રાજાએ અનુચરોને બોલાવી વર્ણી ફરતેથી કાદવ-કીચડ હટાવી વર્ણીને ઉઠાવી લીધા. ગરમ પાણી કરી વર્ણીને સ્નાન કરાવ્યું. રાજા પોતે વર્ણીની પરિચર્યા કરવા મંડી પડ્યા. વર્ણી પ્રત્યે રાજાનો આવો ભક્તિભાવ જોઈ સંન્યાસીઓ ઈર્ષ્યાની આગથી સળગી ઊઠ્યા.

રાજાએ વાવાઝોડાથી ડરી જઈ લપાઈ-છુપાઈ ગયેલા સંન્યાસીઓને ટોણો મારતાં કહ્યું, ‘‘તમે તમારી સિદ્ધાઈની બડી બડી વાતું કરતા હતા. તમારી સિદ્ધાઈ ક્યાં જતી રહી ? તમે સિદ્ધો નથી પણ દેહરખા છો. તમને મૃત્યુનો ભય છે. તમે જ તમારી જાતને અસુરક્ષિત માનો છો. બીજાને સુરક્ષિત કેમ કરી શકવાના ?’’

આ સાંભળી સંન્યાસીઓમાં વર્ણી પ્રત્યેની અદેખાઈ વધુ પ્રજ્વલિત થઈ. તેઓ બધા જંતરમંતરવાળા તાંત્રિકો ભેગા થઈ પોતાની સિદ્ધાઈ દેખાડવા ને વર્ણીને મારવા માટે ધસી આવ્યા. મંત્રેલા અડદની મુઠ્ઠીઓ વર્ણી પર નાખવા લાગ્યા. વર્ણી પર તેની કશી જ અસર ન થઈ. આ જોઈ વૈરાગીઓ વધારે વીફર્યા. તેમણે હવે વર્ણીને પડતા મૂકી એમની સેવામાં રહેલા સાધુ ગોપાળદાસ પર મંત્રેલા અડદ ફેંક્યા. ગોપાળદાસ પર મંત્રેલા અડદની અસર થઈ. તે તરત મૂર્છિત થઈ ભૂમિ પર ઢળી પડ્યા. મોઢામાંથી ફીણ નીકળવા લાગ્યાં. ગોપાળદાસનું મૃત્યુ નિશ્ચિત છે એવું લોકોને લાગ્યું. રાજા સિદ્ધવલ્લભ સિદ્ધોને હાથ જોડી મંત્રેલી શક્તિ પાછી ખેંચી ગોપાળદાસને સાજા કરવા વિનંતી કરવા લાગ્યા. આ જોઈ સંન્યાસીઓ વધારે અભિમાની બન્યા. તેમણે રાજાને કહ્યું, ‘‘એ તો જેમને તમે ભક્તિભાવથી પૂજો છો એ નીલકંઠ વર્ણી સાજા કરશે.’’ એમ કહી હસવા લાગ્યા. રાજા સમજી ગયા કે, આ બધા વર્ણીની ઈર્ષ્યા ને અદેખાઈથી બળી રહ્યા છે.

ગોપાળદાસને સાજા કરી બેઠા કરવા રાજાએ નીલકંઠ વર્ણીને પ્રાર્થના કરી. નીલકંઠ વર્ણી ઊભા થયા. ગોપાળદાસ પાસે આવી તેમની પર દિવ્યદૃષ્ટિ રેલાવી. કરુણામૂર્તિએ શરીર પર હસ્ત ફેરવ્યો ને ગોપાળદાસ સાધુના શરીરમાં તુરત જ ચેતન આવ્યું ને આંખો ખોલી. પછી સળવળીને બેઠા થઈ ગયા. એકદમ સ્વસ્થ... જાણે એમને કશું જ નથી. ને દૂર ઊભા રહી આ જોઈ રહેલા સંન્યાસીઓ દિગ્મૂઢ બનીને વર્ણીનો પ્રૌઢ પ્રતાપ જોઈ રહ્યા. કોઈને તેમનામાં ભગવાનપણાની પ્રતીતિ થઈ તો કોઈ જે આસુરીમતિવાળા હતા તેઓ સમસમી સળગી ઊઠ્યા હતા. તેઓ અંદરોઅંદર ઝઘડ્યા. એકબીજા પર મલિન વિદ્યાનો પ્રયોગ કરવા માંડ્યા. કેટલાક

સંન્યાસીઓ મૂર્છિત થઈ ગયા. ઊભેલા લોકોમાં હાહાકાર મચી ગયો.

આખરે કેટલાક સંન્યાસીઓએ વર્ણીની પાસે આવી તેમની માફી માગી. આ મૂર્છિત થયેલા સંન્યાસીઓને સાજા કરવા પ્રાર્થના કરવા લાગ્યા. વર્ણીએ સંન્યાસીઓનાં કૃત્ય સામું ન જોતાં બધા પર કરુણાદૃષ્ટિ રેલાવી. તમામ સંન્યાસીઓને જીવતદાન આપ્યું. આ જોઈ સિદ્ધવલ્લભ રાજાને વર્ણી પ્રત્યે ખૂબ અહોભાવ થયો ને ભગવાનપણાની પ્રતીતિ થઈ આવી. વર્ણી પ્રત્યે દીન વચન ઉચ્ચારી વર્ણીને પોતાને તથા પરિવારને આશ્રિત કરવા વિનંતી કરી. આ બધું સિદ્ધો જોઈ રહ્યા હતા. કેટલાક દિવસોથી સિદ્ધોને વર્ણીનાં દર્શન થતાં હતાં. તેથી તેમનાં અંતર નિર્મળ થઈ ગયાં, પાપો બળીને ભસ્મીભૂત થઈ ગયાં હતાં. તેઓ પણ બધું જ અભિમાન મૂકી વર્ણી પાસે આવી તેમને શરણે લેવા પ્રાર્થના કરવા લાગ્યા. આજે તેઓને વર્ણી પ્રત્યે અલૌકિકભાવ થઈ ગયો હતો.

પૂર્વ બંગાળના સિરપુર શહેરમાં વર્ણીએ તાંત્રિકો અર્થાત્ અધર્મી વૈરાગીઓ કે જે પ્રજાને રંજાડતા, હેરાન-પરેશાન કરી મૂકતા તેમનો પરાભવ કર્યો તેથી પ્રજાજનો તથા રાજામાં હિંમત આવી ગઈ. તેઓ નિર્ભય થયા.

વર્ણીએ આવી રીતે પૂર્વ બંગાળમાં અધર્મના સામ્રાજ્યને તોડ્યું હતું ને રાજા તથા પ્રજાને સુખી કર્યા હતા.

## તૈલંગી બ્રાહ્મણને થયેલો યોગ

સિરપુર શહેરમાં આ અરસામાં એક તૈલંગી બ્રાહ્મણ (આંધ્રપ્રદેશથી) પોતાનાં સ્ત્રી, પુત્ર આદિ પરિવારને સાથે લઈને આવ્યા હતા.

"એટલાકમાં વિપ્ર તૈલંગ, આવ્યો નારી સુત લઈ સંગ;
ભણ્યો વેદ શાસ્ત્ર ને પુરાણ, પ્રસિદ્ધ વિપ્ર પૃથ્વી પ્રમાણ."[૨]

તે વિદ્વાન ને શાસ્ત્ર ભણેલા હતા. તેમની વિદ્વત્તાથી સિદ્ધવલ્લભ રાજા પ્રભાવિત થયા હતા. તેમણે બ્રાહ્મણને દાનમાં ઘણું ધન, સોનું, વસ્ત્ર-અલંકાર આપ્યાં. બ્રાહ્મણને તે ઓછું પડ્યું. આટલાંથી તેને સંતોષ ન થયો. પછી રાજાએ તેને એક હાથી દાનમાં આપ્યો. બ્રાહ્મણની આ દાન સ્વીકારવાની પાત્રતા નહોતી તેમજ આ દાન અણહક્કનું લીધું હતું. તેથી હાથી દાનમાં લેતાં જ તેમનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ ગયું. રજોગુણ-તમોગુણના ભાવ સમગ્ર શરીરે વ્યાપી ગયા. ને તેમનું ગૌર શરીર

૨. ભક્તચિંતામણિ : પ્રકરણ-૩૧

હતું તે શ્યામળું થઈ ગયું કહેતાં તે શરીરે કાળાધબ્બ થઈ ગયા. ઘડીકમાં તેમનું શરીર શ્યામ થતું જોઈ તેમની સ્ત્રી તથા પુત્ર વગેરે દુ:ખી થઈ ગયાં. બ્રાહ્મણની પણ આંખ ઊઘડી ગઈ. તેમણે લાયકાત વિના તેમજ તેમની પાત્રતા કરતાં વધારે દાન લીધું હતું તેનું આ પરિણામ હતું. આ દુ:ખમાંથી ઊગરવા તેમણે ઘણા ધમપછાડા કર્યા. કેટલાય મંત્રોના જાપ કર્યા પણ કેમેય કરીને શરીરે સારું થયું નહીં.

કોઈએ નીલકંઠ વર્ણી પાસે જવા કહ્યું, ''તારું દુ:ખ એકમાત્ર આ વર્ણી જ ટાળી શકે એમ છે. જો તું એમને દીન-આધીન થઈ કરગરે, પ્રાર્થના કરે તો એ દયાળુ મૂર્તિ છે. જો એ રાજી થશે તો એમને માટે કશું અશક્ય નથી.'' તૈલંગી બ્રાહ્મણે વર્ણી પાસે આવી તેમના ચરણ પકડી લીધા. ખૂબ દીન-આધીન થઈ પ્રાર્થના કરી, ''હે વર્ણીરાજ ! મારા લોભી સ્વભાવને કારણે મારી પાત્રતા કરતાં વિશેષ, અણહક્કનું લેવાથી મારી આ માઠી દશા થઈ છે. આપ કરુણાસાગર છો. શરણે આવેલાને શરણું આપી આપ ઉગારો છો. આપ સમર્થ મૂર્તિ છો. મારું કષ્ટ કાપવું આપને માટે સહેજ પણ અશક્ય નથી એવું મેં જાણ્યું છે. આપ મારી પર કરુણા કરો.'' એમ કરગરી આંખમાંથી પશ્ચાત્તાપની અશ્રુધારા વહાવવા લાગ્યા.

નીલકંઠ વર્ણી તો કરુણામૂર્તિ હતા. તેમનો સ્વભાવ હતો કે,

"અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુ:ખ ટાળે,
કરુણા દૃષ્ટિ રે, દેખી વાન જ વાળે."

બ્રાહ્મણનો સાચો ભાવ તેમજ પશ્ચાત્તાપ જોઈ વર્ણી તેમની પર રીઝી ગયા. શરણે આવેલાને સુખિયો કરવો એ તેમનું બિરદ છે. તેથી બ્રાહ્મણના શ્યામ થયેલ શરીર પર કૃપાદૃષ્ટિ કરી સમગ્ર શરીરે પોતાના દિવ્ય હસ્તનો સ્પર્શ આપ્યો. બ્રાહ્મણને જાણે નવો જન્મ મળ્યો હોય તેમ તેનું શરીર શ્યામ મટી હતું તેવું ને તેવું ગૌર થઈ ગયું.

નીલકંઠ વર્ણી શરણે આવેલા અને નિષ્કપટી ને નિર્દોષ વ્યક્તિ પર હંમેશાં કરુણા વરસાવતા.

સિદ્ધપુરના સિદ્ધવલ્લભ રાજાને ત્યાં વર્ણી ચાર માસ સુધી રહ્યા. રાજાને નિત્ય સમાગમ મળતાં વર્ણીએ પોતાના સર્વોપરી સ્વરૂપનું ખૂબ જ્ઞાન કહ્યું.

"સિદ્ધવલ્લભ ભૂપાળને, તહાં આપ્યું પોતાનું જ્ઞાન."

પોતાને વિષે ભગવાનપણાની જીવસત્તાએ હા પડાવી. પછી રાજાને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું. વર્ણીએ રાજાને ધ્યાન પણ શિખવાડ્યું. રાજાને પોતાની

મૂર્તિનું ધ્યાન કરવાનું કહ્યું. એક દિવસ ધ્યાનમાં વર્ણીની કૃપાથી જે અવરભાવમાં દર્શન થતાં હતાં તે મૂર્તિના પરભાવમાં તેજોમય દર્શન થયાં. તેજ તેજના અંબારમાં દિવ્ય પ્રકાશેયુક્ત મૂર્તિનાં દર્શન કરી રાજા આનંદમાં ગરકાવ થઈ ગયા. એમના તેજનો સમૂહ અક્ષરધામ તેની અન્વય શક્તિ વડે અનંત ઐશ્વર્યાર્થીઓ સામર્થીને પામ્યા હતા તે જ્ઞાન પણ પ્રભુની કૃપાથી થયું. અનંત પરમ એકાંતિકમુક્તો મૂર્તિ સન્મુખ ને અનંત અનાદિમુક્તો મૂર્તિમાં રહી મૂર્તિનું સુખ ભોગવતા હતા. રાજાને આ બધું અચરજભર્યું લાગ્યું. વર્ણી તેમને ધ્યાનમાંથી બહાર કાઢી દેહભાવમાં (અવરભાવમાં) લાવ્યા. રાજાએ પરભાવમાં તેજોમય મૂર્તિનાં દર્શન કર્યાં હતાં. એ જ મૂર્તિ તેમની સમક્ષ વર્ણી રૂપે વિરાજમાન હતા. તેમને ધ્યાનમાં તેજના અંબાર મધ્યે જોયેલી દિવ્ય મૂર્તિ જ આ મને સામે દેખાય છે તેવો દઢાવ થયો. આ એમની સર્વોપરી અલૌકિકતા રાજા કળી શક્યા નહીં.

“નૃપ દેખી આશ્ચર્ય ભયે, સબ યહ કારનરૂપ,
કારન કે કારન મૂર્તિ યહ, સિંહાસન બૈઠે અનુપ.”[3]

સિદ્ધવલ્લભ રાજાને આશ્ચર્ય થયું કે અનંત ઐશ્વર્યાવેશ અવતારોના અન્વય શક્તિ વડે કારણ સ્વરૂપ આ વર્ણી જ છે. તે સર્વ કારણના પણ કારણ છે. તેમને તો મેં ધ્યાનમાં તેજોમય દીઠા. તે અહીંયાં મને સામે દેખાય છે ? આવું જોઈ આશ્ચર્ય થયું ને એ નક્કી થયું કે આ મને મનુષ્ય જેવા દેખાય છે, પણ એ તો દેખાવામાત્ર છે. એ તો જેવા ધ્યાનમાં મેં દીઠા તેવા દિવ્ય તેજોમય જ છે. આ તો કેવળ કૃપા કરી મને અહીં દર્શન આપે છે. એવી અલૌકિક કળા એમનામાં રહેલી છે.

નીલકંઠ વર્ણી સિદ્ધવલ્લભ રાજાને પોતાના સ્વરૂપનું જ્ઞાન તેમજ તેનો અનુભવ કરાવી હવે ત્યાંથી આગળ જવા ઉતાવળા થયા. સિદ્ધવલ્લભ રાજાને વર્ણીથી વિખૂટું પડવું ગમતું નહોતું. પણ વર્ણીએ પોતાનું કાર્ય પૂરું થયું જાણી, રાજાને પોતાના દિવ્ય આશીર્વાદ આપ્યા. સત્સંગમાં જન્મ ધરાવવાના આશીર્વાદ આપ્યા અને સંવત ૧૮૫૩નો અન્નકૂટોત્સવ ત્યાં કરી, કારતક પૂનમ પછી ત્યાંથી પધારી ગયા. સિદ્ધવલ્લભ રાજાનો પરિવાર વર્ણીનાં આખરી દર્શન કરવાં ને તેમને વળાવવા માટે આવ્યો હતો. નીલકંઠ વર્ણી તથા સહુ સિદ્ધો પગપાળા આસામ પ્રદેશ તરફની વાટ પકડી ચાલવા માંડ્યા. ઘડીકમાં તો સહુની દૃષ્ટિથી તેઓ ઓઝલ થઈ ગયા.

---

૩. શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૨, તરંગ-૩૩

# અભિમાની પિબૈકનું પતન

કામાક્ષી ક્ષેત્રમાં નીલકંઠ વર્ણી તેમજ સિરપુરથી સાથે આવેલા સિદ્ધો આવ્યા. ત્યાં નજીકના ગામમાં પિબૈક નામે બ્રાહ્મણ રહેતો હતો. જે ખરાબ સંગથી દારૂ, માંસ અને વ્યભિચારનો વ્યસની બન્યો હતો. ભૂતાદિકની સાધના કરી, રાત્રે સ્મશાનમાંથી મેલી વિદ્યા શીખી અભિમાનમાં ચકચૂર બન્યો હતો.

માથે મોટો ચોટલો રાખી, કપાળે કંકુની મોટી આડ્ય કરી દારૂ-માંસના ભક્ષણથી લાલઘૂમ જેવી આંખો કરી નિર્દોષ, ભલા લોકો પર, સાધુઓ ઉપર, રાજાઓ ઉપર મેલી વિદ્યાથી મૂઠ મારી હેરાન કરતો. જેને તેને પોતાના શિષ્ય બનાવી ત્રાસ ગુજારતો હતો.

આવા અભિમાનીઓના અભિમાનને નષ્ટ કરવા માટે જ નીલકંઠ વર્ણી નીકળ્યા હતા ને ! અને તેથી જ તો તેઓ અહીં પધાર્યા હતા.

નીલકંઠ વર્ણી ગામ બહાર એક બગીચામાં ઊતર્યા હતા. તેમની સાથે સિદ્ધો પણ હતા.

પિબૈકને સમાચાર મળતાં તે ત્યાં આવ્યો અને બધા સિદ્ધોને પડકાર કર્યો.

"વળતો આવીને બોલિયો એમ, પાખંડિયો સિદ્ધ કા'વો કેમ;
સિદ્ધ તો એક હું છઉં આજ, તમ જેવા તો છે મારું ખાજ,
મોટા મોટાને મેં જીતી લીધા, તમ જેવા શિષ્ય કઈ કીધા."[૪]

તમે સૌ તમારા પાખંડી ધર્મોની કંઠીઓ તોડી નાખી તત્કાળ મારા શિષ્ય થઈ જાવ. નહિ તો જુઓ મારો ચમત્કાર. એમ કહી અડદના મંત્રેલા દાણા જ્યાં જમીન પર નાખ્યા ત્યાં તો જમીનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા સૌએ જોયા. એટલે બીજા તો ગભરાઈ ગયા. પણ... નીલકંઠ વર્ણી એમ શાના ડરે ? તેમણે પિબૈકના પડકારનો જવાબ આપ્યો.

"ત્યારે હરિએ સિદ્ધ પ્રત્યે કહ્યું, રાખો ધીરજે હાકલી હૈયું;
કરે શિષ્ય મોરે મર મને, પછી થાવું તમારે સહુને."[૫]

''મેલી વિદ્યાના અભિમાનમાં ચકચૂર પિબૈક ! તારામાં જો તાકાત હોય તો પહેલાં મારી પર બધી વિદ્યા અજમાવ. મને તારો શિષ્ય બનાવ પછી આ બધા

૪. ભક્તચિંતામણિ : પ્રકરણ-૩૨
૫. ભક્તચિંતામણિ : પ્રકરણ-૩૨

તારા શિષ્ય થશે.''

પિબૈકને પોતાનું અપમાન થતું લાગ્યું. તેણે હાકોટો માર્યો, ''અલ્યા છોકરા ! નાના મોઢે મોટી વાત કર મા. ભલભલા યોગીઓ, સિદ્ધો ને રાજાઓ મારા સેવક થઈ મારી સેવા કરે છે ને તું મારી સામે બોલે છે ? લે લે, જો, આ મારો બીજો ચમત્કાર.''

એમ કહી પિબૈકે અડદના દાણા મંત્રીને એક મૂઠી વડના લીલા ઝાડ પર નાખ્યા કે તુરત સૌના દેખતાં ઝાડ સાવ સુકાઈ ગયું.

"ત્યારે પિબૈક કહે બ્રહ્મચારી, તને દેખાડું સામર્થી મારી;
જો તું આ લીલા વડના હાલ, હમણાં કરું છું સૂકવી સાલ,
એમ કહી નાખી મૂઠ જ્યારે, વડ સૂકી ગયો તેહ વારે."[૬]

નીલકંઠ વર્ણી આ જોઈ એ જ સ્થિતિમાં ગંભીરતાથી બિરાજી રહ્યા અને મંદ મંદ હસતાં બોલ્યા, ''અહો ! એમાં શું ? તારે જે કરવું હોય તે મારી પર કર.''

અને પિબૈકે ક્રોધાયમાન થઈ દાંત કચકચાવતા પોતાના મેલા મંત્રો ચાલુ કર્યા અને ધુમાડામાં ભૂતની ભૂતાવળ ઊભી કરી. પણ એકેય ભૂત નીલકંઠ વર્ણીની નજીક જાય જ નહીં. ઉપરથી બધી ભૂતાવળ પિબૈકને મારવા માટે ધસી.

હવે પિબૈકનો ક્રોધ પરાકાષ્ઠાએ પહોંચ્યો. તેણે અડદના મંત્રેલા દાણા આકાશમાં નાખ્યા અને ત્રાડ પાડી, ''છોકરા ! જો આ ભૂતનો રાજા, જો હવે તારી દશા.'' અને તેના પર વર્ણીની દૃષ્ટિ પડતાં જ હાથમાં ત્રિશૂલ લઈ તે પિબૈક પર પ્રહાર કરવા લાગ્યો. પિબૈક લોહીની ઊલટીઓ કરતો પડ્યો હેઠો.

બેભાન થઈ પડેલા પિબૈકના ગુનાની તેનાં સગાંસંબંધીઓએ મળી નીલકંઠ વર્ણી પાસે માફી માગી. વર્ણી તો દયાળુમૂર્તિ હતા. દયાનો સાગર જો ક્યારેક નિર્દય થઈ જાય તો ? વિચારી જ ન શકાય. તો શું થાય ! અહીં પણ દયાળુએ દયા કરી. પિબૈક જાગ્યો. ભાનમાં આવ્યો, પણ હજુ એને ગુસ્સો ટળ્યો ન હતો. પણ...

*'વિનાશકાળે વિપરીત બુદ્ધિ.'*

પિબૈકે વળી પાછા ઊભા થઈ અડદ મંત્રી અન્ય ભૂતનાથને બોલાવ્યા. પણ સર્વના કારણ સામે થવાની હિંમત કોણ કરી શકે ? તેઓ પણ પિબૈક પર તૂટી પડ્યા; ખૂબ માર્યો... અંતે બેભાન થઈ પડ્યો.

થોડી વારે વર્ણીની કૃપાદૃષ્ટિથી જાગ્યો. હવે તેને ભાન થયું કે મેં બહુ મોટી

---

૬. ભક્તચિંતામણિ : પ્રકરણ-૩૨

ભૂલ કરી છે. સર્વના નિયંતા, સર્વના સ્વામી એ સર્વોપરી સાક્ષાત્ ભગવાન સામે મેં અભિમાનમાં ચકચૂર થઈ મેલી વિદ્યા અજમાવવાનો પ્રયત્ન કર્યો. એણે નીલકંઠ વર્ણીની માફી માગી. ખૂબ રોયો, કગર્યો અને આજ સુધીનાં તમામ કૃત્યો માફ કરવા પ્રાર્થના કરી. દયાળુમૂર્તિ વર્ણીએ તેને ઉગારી લીધો. પોતાનો આશ્રિત કરી શુદ્ધ પવિત્ર જીવન જીવવાનો આદેશ કર્યો. મહાભયંકર ડરામણો વેશ ધારીને, લોકોને રંજાડવાનું બંધ કરાવ્યું. એ વિસ્તારમાં વસતા લોકોને પિબૈક ભગત બનતાં ખૂબ રાહત થઈ ગઈ. નીલકંઠ વર્ણીમાં સૌ ભગવાનપણાનાં દર્શન કરી, નમસ્કાર કરવા લાગ્યા. કામાક્ષી ક્ષેત્રમાં વર્ણી એક માસ રોકાઈ હવે ત્યાંથી આગળ નવલખા પર્વત તરફ એમને પધારવું હતું. આગળની વાટ ઘણી વિકટ હતી. આસામનાં ગીચ જંગલો-પર્વતો ઉલ્લંઘવા એ સામાન્ય જનનું કામ નહોતું. તેથી વર્ણીએ સિદ્ધોથી છૂટા પડી નવલખા પર્વત તરફ પ્રયાણ શરૂ કરી દીધું.

## નીલકંઠ વર્ણી નવલખા પર્વત પર

ગીચ-પર્વતીય ગાઢ જંગલોમાં અનેક રાજા, પશુ-પ્રાણીઓની વચ્ચે દુર્ગમ પહાડી રસ્તા ચઢતા ને જંગલોની દુર્ગમ ઘટાટોપ ઝાડીને ચીરતા વર્ણી ચાલી રહ્યા હતા. સંવત ૧૮૫૩ની પોષી પૂનમની અજવાળી રાત્રે ચાલતાં ચાલતાં તેઓ નવલખા પર્વત પર પહોંચ્યા. આ નવલખા પર્વતમાં નવ લાખ યોગીઓ હજારો વર્ષોથી યજ્ઞ અને તપ કરતા હતા. તેમને તેમના સાધનનું ફળ આપવા ફળપ્રદાતા નીલકંઠ વર્ણી આજે અહીં આવી પહોંચ્યા હતા. સૌ યોગીઓ તપ કરીને દેહે કરીને કૃશ થઈ ગયા હતા. લાંબી લાંબી જટાઓ અને મોટી દાઢીઓ એની શાખ પૂરતી હતી.

એક સવારે જ્યારે સૌ યોગીઓ ધ્યાનસ્થ અવસ્થામાં હતા ત્યારે અંતરિક્ષમાંથી અવાજ આવ્યો : "હે મુનિઓ ! યોગીવર્ય યોગીઓ ! તમારી શ્રદ્ધાનો, તમારી તપશ્ચર્યાનો હવે અંત આવ્યો છે. તમે જેના માટે મથો છો તે સૌના પ્રેરક અને નિયંતા સર્વોપરી સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ નીલકંઠ વર્ણી રૂપે તમને સામે ચાલીને હમણાં જ અભયદાન આપવા પધારશે. તેમનાં દર્શન-સ્પર્શથી તમે મોક્ષભાગી થશો."

અને આ સાંભળતાં જ સૌના આનંદનો પાર ન રહ્યો. સૌએ પ્રેમવિભોર થઈ, દેહભાવ ભૂલી નીલકંઠ વર્ણીનાં દર્શન કર્યાં. નવ લાખ યોગીઓ વર્ણીનાં દર્શન કઈ રીતે કરી શકે ? સમર્થ મૂર્તિ વર્ણીએ એકસાથે નવ લાખ રૂપ ધારણ કરી, નવ લાખ

યોગીઓને એકસાથે દર્શન-સ્પર્શનું સુખ આપ્યું. નીલકંઠ વર્ણી તો સર્વોપરી મહાપ્રભુ હતા. તેઓ સત્યસંકલ્પી હતા. એમને ક્યાં નવ લાખ રૂપ ધરવાનાં હતાં ! અકળિત મૂર્તિ હતા. નવે નવ લાખ યોગીઓને વર્ણીનાં આગવાં દર્શન થયાં. નવે નવ લાખ યોગીઓને પરસ્પર મળ્યા ને એકબીજાને ભેટ્યા. પછી સૌને આશીર્વાદ આપ્યા, ''હે યોગીઓ ! તમે ટૂંક સમયમાં જ અમારી મૂર્તિના સુખને પામશો. તમારી પર અમારી પૂરી કૃપા વરસી છે. અને તે કૃપાના ભાગી કરવા માટે જ અમે અહીં સુધી આવ્યા છીએ.''

આમ, વર્ણી ત્રણ દિવસ રહી નવ લાખ યોગીઓને એકસાથે દિવ્યગતિ આપી ત્યાંથી ચાલી નીકળ્યા.

## ખવીસનો મોક્ષ

નવલખો પર્વત ઊતરી વર્ણી ઉત્તર દિશા તરફ પધારી રહ્યા હતા. રામકોટ નામનું સ્થળ આગળ આવતું હતું. વર્ણી ત્યાં ન જતાં દૂરથી જ પોતાની દિવ્યદૃષ્ટિથી તેને પ્રસાદીભૂત કરી બાલવાકુંડમાં ત્રણ દિવસ રહી અનેક મુમુક્ષુઓને પોતાનાં દર્શન આપી પોતાના સંકલ્પમાં ભેળવતા. ગંગાના મહાસાગર સાથેના સંગમે ત્રણ દિવસ રહી, ત્યાંથી વહાણમાં બેસી સમુદ્રની ખાડી (બંગાળાની ખાડી) ઊતરી કપિલાશ્રમમાં એક માસ રહી તીર્થવાસીઓના આત્યંતિક કલ્યાણના સંકલ્પો કરી અનેક જીવોને મોક્ષભાગી કરતા હતા.

એક દિવસ પશ્ચિમ દિશામાં આવેલ એક નગરમાં વર્ણી પધાર્યા. તે નગરમાં ચોકિયાત હતા. તેમણે વર્ણીને આવતા જોયા. ચોકિયાતે વર્ણીને એ રસ્તે જવાની ના પાડી. તેમણે કહ્યું, ''એ રસ્તે વડના વૃક્ષ પર માથા વિનાનો ખવીસ રહે છે. જે કોઈ ત્યાંથી પસાર થાય તેને મારી નાખે છે. તમે એ રસ્તે ન જશો. અહીંથી બીજો રસ્તો જાય છે. ત્યાં થઈ ચાલ્યા જાવ.''

નીલકંઠ વર્ણી નિર્ભયપણે બોલ્યા, ''અરે, અમે એ રસ્તે નહિ જઈએ તો બીજું કોણ જશે ? એવા અધર્મી, પાપી, ભૂત-પ્રેતયોનિમાં પીડાતા-સબડાતા જીવોનો મોક્ષ કરવો એ અમારું કર્તવ્ય છે.'' એમ કહી તેઓ એ જ રસ્તે પધાર્યા. વડનું વૃક્ષ આવ્યું. ખવીસ પોતાનું ખાજ આવ્યું છે એમ જાણી ઝાડની મોટી ડાળી કડડભૂસ ભાંગી નીચે પડ્યો. વર્ણીનું ખાજ કરવા ધસી આવ્યો. વર્ણી સામે રસ્તો રોકી ઊભો રહી ગયો. વર્ણીએ તેની સામું કરડી દૃષ્ટિથી જોયું. મલિન પ્રેતયોનિને પામેલો

મહાપાપી એવો ખવીસ વર્ણીની દૃષ્ટિ સહી શક્યો નહીં. તે બળવા લાગ્યો. હાથ-પગ પછાડતો ''બળી ગયો... બળી ગયો'' એમ બૂમો પાડવા લાગ્યો. આ સાંભળતાં નગરના માણસો તેમજ રાજા દોડી આવ્યા.

ખવીસ થોડી વારે હાથ જોડી વર્ણી સમક્ષ ઊભો રહ્યો ને વિનંતી કરવા લાગ્યો, ''હે વર્ણીરાજ ! આપ સામાન્ય મનુષ્ય નથી. દેહધારી કોઈ વ્યક્તિ નથી. આપની મૂર્તિમાં અતિશે તેજ ભર્યું છે. તેનાથી હું બળું છું. આપ સાક્ષાત્ ભગવાન છો. હું આપને મનુષ્ય જાણી આપને મારવા આવ્યો હતો. મારો અપરાધ માફ કરી મારો ઉદ્ધાર કરો. વર્ણીરાજ ! હું કેટલાય સમયથી જ્યાં ત્યાં આથડી-કૂટીને મહાદુઃખ પામું છું. મેં ઘણાના જીવ લીધા છે. હું પાપી છું. આપ દયાના સાગર છો. મારો ઉદ્ધાર કરો.''

નીલકંઠ વર્ણીના વિચરણનો આ પણ હેતુ હતો કે, 'ભૂત-પ્રેતાદિક મલિન યોનિને પામેલાઓનો પણ મોક્ષ કરવો.' તેથી દયાસાગર વર્ણીએ ખવીસનો મોક્ષ કરી તેનો ઉદ્ધાર કર્યો ને નગરજનોને તેના ઉપદ્રવથી રહિત કર્યા.

નગરના રાજાએ વર્ણીનો આવો અદ્ભુત પ્રતાપ જોઈ ચરણમાં પડી પોતાના મહેલમાં લઈ જવાનો આગ્રહ કર્યો. પણ વર્ણીએ કહ્યું, ''અમે ગામમાં નહિ આવીએ પણ તમારી મુમુક્ષુતા જોઈ અમે રાજી થયા છીએ. તમને આવતા જન્મે સત્સંગમાં જન્મ ધરાવીશું.'' એવા આશીર્વાદ આપી વર્ણીએ ત્યાંથી આગળ પ્રયાણ કર્યું.

## નિર્ભયના સંબંધે નિર્ભય

વનમાં વિહરતાં વિહરતાં એક નેસડા પાસે વર્ણી પધાર્યા. સંધ્યા ઢળી ચૂકી હતી. રાત થવા આવી હતી. રાત્રિનિવાસ અહીં કરવો એવું વિચારી વર્ણી ઊભા હતા. ત્યાં એક ભૂંગામાંથી (ઝૂંપડીમાંથી) ડોશીમા બહાર આવ્યાં. આ ભૂંગામાં ડોશી, તેમની એક દીકરી અને એક દીકરો આ ત્રણેય રહેતાં. ડોશીને થોડી ગાયો ને ભેંસો હતી જેને છોકરો ચરાવવા જતો અને તેમાંથી મળતા દૂધમાંથી પોતાનું ગુજરાન કરતાં.

ડોશીમાએ જ્યાં નીલકંઠ વર્ણીને જોયા ત્યાં એકદમ પ્રભુએ તેમને તેજોમય દર્શન આપ્યાં એટલે તુરત ડોશીમાને ભગવાનપણાનો નિશ્ચય થઈ ગયો. ડોશીમાએ પ્રેમે કરી ખાટલો ઢાળી આપી વર્ણીને બેસાડ્યા અને જમવા માટે દહીંનાં ગોરસાં આપ્યાં. વર્ણી બધું દહીં જમી ગયા તોય તૃપ્ત ન થયા. એટલામાં છોકરો દૂધ લઈને

આવ્યો. ડોશીમાએ બધું દૂધ નીલકંઠ વર્ણીને આપ્યું. વર્ણીએ બધું દૂધ પીધું અને ભૂખ મટાડી. આમ છોકરાએ અને ડોશીમાએ પ્રેમથી વર્ણીને પોતાને ત્યાં ઘણા દિવસ આગ્રહ કરીને રાખ્યા. મા, દીકરી અને દીકરો ત્રણેએ નક્કી કર્યું કે, હવે આપણે આ બ્રહ્મચારીને આપણે ત્યાં જ રાખવા, પણ જવા દેવા નથી.

નીલકંઠ વર્ણીમાં અજબ ચમક હતી કે સહુ કોઈ એમને વશ થઈ જતા. એમનાથી દૂર થવું કોઈને ગમતું નહોતું. સૌને પ્રેમ આપી પોતીકા કરી નાખતા. ડોશીમાને ક્યાં ખબર હતી કે આ અનંતકોટિ બ્રહ્માંડના નાથ તેમનાં દૂધ-દહીં અને ઘી જમવા માટે આવ્યા નથી.

રોજ રાત્રે ડોશી અને તેમની દીકરી ભૂંગામાં સૂતાં અને બહાર ખાટલામાં વર્ણીને સુવાડતા. જ્યારે બાજુમાં વર્ણી ચાલ્યા ન જાય તે માટે રખેવાળું કરતો દીકરો જેરામ જાગતો બેસી રહેતો. જેરામને પણ એટલી બધી શ્રદ્ધા કે આખો દિવસ થાકીને આવ્યો હોય તોય રાત્રે એક મટકુંય માર્યા વિના નીલકંઠ વર્ણીની પાસે બેસી રહેતો. એમ કરતાં મહિનો વીતી ગયો.

ધાર્યું તો બધું આ નીલકંઠ વર્ણીનું જ થાય છે ને ! અને એક દિવસ નીલકંઠ વર્ણીની ઇચ્છાથી જ જેરામને સહેજ ઊંઘ આવી ગઈ અને નિર્ભય થઈ ચૂકેલા ત્રણેને મૂકી વર્ણી ચૂપચાપ ચાલી નીકળ્યા. સવાર પડી. ડોશીમાએ જોયું કે વર્ણી તો ચાલ્યા ગયા છે અને જેરામ સૂઈ ગયો છે. ત્યારે ડોશીમા ને તેની દીકરી કલ્પાંત કરવા લાગ્યાં. જેરામ પણ આ કલ્પાંત સાંભળી જાગી ગયો. વર્ણીને ન જોતાં તે પણ હાંફળો-ફાંફળો થઈ ગયો. વર્ણીને આ વનમાં ક્યાં શોધવા ? કઈ દિશામાં ગયા હશે ? કોને ખબર પડે ? ડોશીમાએ જેરામને કહ્યું, "તું વર્ણીની પાછળ અત્યારે જ જા. ગમે તેમ કરીને એ બ્રહ્મચારીને અહીં લઈ આવ અને એમને લીધા વિના તું આવતો નહીં." એમ કહી વાટે જમવા સારુ ભાતું આપી વર્ણીને શોધવા જેરામને મોકલ્યો.

નીલકંઠ વર્ણીએ કેવી તો મોહની લગાડી હશે કે એમને મળેલા એમની પાછળ દીવાના થઈ જાય છે. એટલે જ એમને આપણે 'મોહનવર' કહીએ છીએ ને !

જેરામ જંગલમાં પડતો-આખડતો વર્ણીનાં પગલાં જોતો જોતો અને જે મળે એને ભાળ પૂછતો ઘરેથી નીકળ્યો. એમ કરતાં ઘણા દિવસે દસ ગાઉ છેટે એક નદીના કાંઠે જેરામે વર્ણીને જોયા. એકદમ દોડી તેણે વર્ણીના ચરણ પકડી લીધા અને પ્રાર્થના કરવા માંડી, "વર્ણી ! તમે ગમે તેમ કરો મારી મા અને બેન આપના

વગર જીવી નહિ શકે. આપ પાછા અમારા ઘરે ચાલો. હું તમને લીધા વગર જવાનો નથી. મારી સાથે આપ પાછા પધારો.''

વર્ણીએ જેરામને કહ્યું, ''સાંભળ, તારી મા અને બેન આ બે સારુ જ અમે અહીં આવ્યા નથી. અનેક પામર-પતિત ને મુમુક્ષુ જીવોનાં અમારાં દર્શન-સ્પર્શ-સેવા-સંબંધે કરીને કલ્યાણ કરવા નીકળ્યા છીએ. હજુ મારે ઘણું વિચરણ કરવાનું છે. માટે તું પાછો જા. અમે જરૂર ક્યારેક તારે ત્યાં આવીશું.''

પણ જેરામ એકનો બે ન થયો. બસ, વર્ણીને પાછા લઈ જવાની હઠ ચાલુ રાખી.

હવે વર્ણીએ જેરામની ખરેખરી કસોટી લેવાનું વિચાર્યું. એ જ વખતે એક ભયાનક સિંહ વનમાંથી આવ્યો. તે જોઈ વર્ણીએ મનુષ્યચરિત્ર કર્યું. સિંહને જોતાં જ એકદમ ગભરાઈ ગયા. સાથે જેરામ પણ અવાચક બની ગયો. વર્ણીએ કહ્યું, ''જેરામ ! હજુ કહું છું... તું ભાગી જા. હું આડો ઊભો છું. સિંહ તને કાંઈ નહિ કરે, નહિતર હિંસક સિંહ જો ફાડી ખાશે તો તારી મા અને તારી બેન તારી પાછળ ઝૂરી ઝૂરીને મરશે.'' તેમ છતાં જેરામે એની હઠ છોડી નહીં.

નીલકંઠ વર્ણીએ સિંહને દૃષ્ટિએ કરીને સમાધિ કરાવી દીધી. એટલે સિંહ કાષ્ઠવત્ બની સામે ઊભો રહી ગયો. જેરામે આ જોયું. તેને વર્ણીમાં હવે ભગવાનપણાની પાકી પ્રતીતિ થઈ ગઈ. પ્રભુના મનુષ્યચરિત્રની પાછળ હંમેશાં દિવ્યચરિત્ર જોવા મળે જ; જો દૃષ્ટિ હોય તો. એમ વર્ણીએ પ્રથમ સિંહથી ગભરાઈ મનુષ્યચરિત્ર કર્યું... હવે સિંહને સમાધિ કરાવી દિવ્યચરિત્રનું દર્શન કરાવ્યું હતું.

વર્ણીએ જેરામને કહ્યું, ''જો તું અમને ભગવાન જાણતો હોય તો જા, સિંહને જઈને આંગળી અડાડી આવ.'' જેરામે હિંમત કરી તેમ કર્યું. પણ વર્ણીએ તો આજે એની બરાબર કસોટી લેવા માંડી હતી. ''જેરામ ! તારે જો અમને લઈ જવા હોય તો એ સિંહના મુખમાં તારો હાથ નાખી આવીને આંખમાં ગોદો મારી આવ.''

શું વર્ણી આજે નિર્દય થઈ ગયા હતા ! ના, તેઓ તો દયાના મહાસાગર હતા. પણ સોનાની કસોટી થાય પછી જ કીમતી બને છે ને ! એમ વર્ણીને આજે તેનો ખપ અને ગરજ જોવાં હતાં.

અને જેરામ બીતો બીતો જઈ સિંહના મુખમાં હાથ નાખી આવ્યો ને એની આંખમાં ગોદો મારી આવ્યો. કેવી નિર્ભયતા ! નિર્ભયના સંબંધે નિર્ભય જ થવાય ! વર્ણી જેરામ પર અતિશે રાજી થઈ ગયા.

પરંતુ વર્ણીનું પાછું ફરવું અશક્ય હતું. વર્ણીએ થોડો સમય જેરામને સાથે

રાખી સુખ આપ્યું. વળી, એક દિવસ તેને સૂતો મૂકી વર્ણી ચાલી નીકળ્યા. જેરામ વર્ણીની પાછળ પાછળ તેમને શોધતો પહોંચી જતો હતો. એક દિવસ વળી વર્ણી છૂટા પડ્યા. પછી તેનો સંગાથ ન થયો. જેરામની માએ કહ્યું હતું, ''બ્રહ્મચારીને લીધા વગર પાછો આવતો નહીં.'' તેથી તે વર્ણીની શોધ કરતો કરતો ઘણા વર્ષે ગુજરાતમાં આવ્યો. ત્યાંથી સૌરાષ્ટ્ર-કાઠિયાવાડ આવ્યો. ત્યાંથી લોજ ગામે ગયો. ત્યાં વર્ણી સહજાનંદ સ્વામી રૂપે વિરાજતા હતા. શ્રીહરિ આ જેરામને ઓળખી ગયા. તેને સામે ચાલીને બોલાવ્યો. તેની જિજ્ઞાસા તથા ત્વરિત એકનિષ્ઠા જોઈ બહુ પ્રસન્નતા જણાવી અને પછી તેને વૈરાગ્ય કરાવી સાધુ કર્યો ને તેનું જિજ્ઞાસાનંદ સ્વામી નામ પાડ્યું હતું.

## અધર્મીનો ઉચ્છેદ

નીલકંઠ વર્ણીએ જગન્નાથપુરી જવા નિર્ધાર્યું હતું. તેઓને સમુદ્રની ખાડી પાર કરવી હતી. નાવમાં બેસી સમુદ્રની ખાડી પાર કરીને ઊતર્યા. ત્યાંથી ચાલતા ભુવનેશ્વર પધાર્યા. અહીં ત્રણેક દિવસ રહ્યા. ત્યાંથી આગળ ઇંદ્રદ્યુમ્ન સરોવરને કિનારે આવેલા જનકપુર શહેરમાં આવીને રહ્યા.

નીલકંઠ વર્ણીએ અહીં નિવાસ કર્યો. વર્ણીની દિવ્યતા, એમનો પ્રભાવ અહીં પણ ચારે તરફ પ્રસરી ચૂક્યાં હતાં. લોકો કુતૂહલતાથી એમનાં દર્શન કરવા ઊમટી પડતા. ટૂંક સમયમાં જ જગન્નાથપુરીના રાજા સુધી વર્ણીનો પ્રભાવ પહોંચી ગયો. રાજા પોતે વર્ણીનાં દર્શન કરવા ચાલી આવ્યા. દંડવત કરી દર્શન કર્યાં. વર્ણીનાં દર્શનથી રાજાનું અંતઃકરણ નિર્મળ થયું. હૃદયમાં શાંતિનો શેરડો પડી ગયો. રાજા મુમુક્ષુ હતા. ભાવિક ને શ્રદ્ધાળુ હતા. તેમને થયું, વર્ણીનાં દર્શનથી મન-ઇન્દ્રિય પર આટલી બધી અસર થઈ શકે છે તો પોતે સ્વયં કેવા હશે ! વર્ણીમાં તેમને ભગવાનપણાનો ભાવ થયો. પોતાના મહેલમાં પધારવા ખૂબ આગ્રહ કર્યો.

એ સમયે જગન્નાથપુરી ક્ષેત્રમાં હજારોની સંખ્યામાં જુદા જુદા પંથના સંન્યાસીઓ વસતા જેઓ બહુધા અધર્મી હતા. સુરાપાન, વ્યભિચાર વગેરેથી ચકચૂર અધર્મ આચરતા. તેમને રોકટોક કરનાર કોઈ હતું નહીં.

સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે :

"પાપ કરતા ધન હરતા, રમતા પરનારી સંગે,
કપટી લંપટી કૂડા બોલા, ગુહ્ય વારતા એવા સંગે;

પ્રભુપણું પોતામાં પરઠી, કૃષ્ણસમ કીર્તિ ગમે,
રમણીને કહે રાધિકા, રસિયા થઈ પોતે રમે."[૭]

આવા અધર્મીઓનો ઉચ્છેદ કરવો એવો વર્ણીએ સંકલ્પ કર્યો. નીલકંઠ વર્ણીની પ્રતિષ્ઠા છેક રાજા સુધી પહોંચી ગઈ હતી. તે આ સંન્યાસીઓની જમાતને ગમ્યું નહીં. તેઓ ઈર્ષ્યાભાવથી તેમના તરફ દ્વેષ રાખવા માંડ્યા. તેઓ વર્ણીને નાનું-મોટું કામ કરવા હુકમ કરતા. વર્ણી સેવકભાવે પ્રેમથી તે કામ કરતા.

એક દિવસ એક સંન્યાસીએ હુકમ કર્યો કે, "એ બ્રહ્મચારી ! સામેથી લીલી કુમળી ભાજી તોડી લાવ."

વર્ણીએ કહ્યું, "એમાં તો જીવ છે. તે અમે નહિ તોડીએ. તે તોડવાથી જીવ હિંસા થાય."[૮]

સંન્યાસીના હુકમને વર્ણીએ અવગણ્યો એટલે તે ક્રોધે ભરાયો. વર્ણીને મારવા માટે તલવાર કાઢી. વર્ણી તો નિધડકપણે એમ ને એમ બિરાજી રહ્યા. પણ પોતે અંતર્યામીપણે આ પાપીઓનો નાશ કરવાના સંકલ્પથી બીજા સંન્યાસીમાં પ્રવેશ કર્યો. એટલે બીજા સંન્યાસી તલવાર કાઢનારની સામે થયા અને કહેવા લાગ્યા, "તું આ નાના બ્રહ્મચારીને મારવા કેમ આવ્યો ?" આમ, સંન્યાસીઓમાં બે પક્ષ પડ્યા. બોલાચાલીમાંથી ઝઘડો વિરાટ બન્યો. મારામારી અને કાપાકાપી ચાલુ થઈ ગઈ. નીલકંઠ વર્ણી તો ચૂપચાપ ત્યાંથી જગન્નાથપુરી બાજુ ચાલી નીકળ્યા હતા. પણ આ આસુરી સંન્યાસીઓ અંદરોઅંદર લડી મર્યા.

જગન્નાથપુરી સ્થાનકમાં પણ આવા અધર્મીઓ પેસી ગયા હતા. ત્યાં કેટલાય વૈરાગીઓની જમાત કાયમ રહેતી. તે મંદિરનો પૂજારી પણ એવો જ અધર્મી ને પાપી હતો. તે પણ ધર્મને નામે અધર્મ કરાવતો.

જગન્નાથપુરીને વિષે સંન્યાસીઓ રહેતા હતા. ત્યાં પણ આવું કંઈક નિમિત્ત અને કારણ ઊભું કરીને વર્ણી દસ હજાર જેટલા સંન્યાસીઓનો અંદરોઅંદર નાશ કરાવી છ મહિના અને છ દિવસ રહી આગળ પધાર્યા.

"કૈંકના હાથ પગ કપાણા, કૈંક નાસી ભાગીને છપાણા;
એમ યુદ્ધ થયું બહુ પેર, દસ સહસ્ર ગયા યમ ઘેર,
એટલા તો ઇયાંતળ રહ્યા, બીજા નાસી ભાગી પણ ગયા."[૯]

---

૭. ભક્તચિંતામણિ : પ્રકરણ-૯

૮. વચનામૃત : ગ.મ. ૬૦

૯. ભક્તચિંતામણિ : પ્રકરણ-૩૩

# ૨

# દક્ષિણ ભારતમાં

**(આ.સં. ૧૮૫૪, ઈ.સ. ૧૭૯૮-૯૯)**

## નીલકંઠ વર્ણી માનસપુરમાં

નીલકંઠ વર્ણીએ ગોદાવરી તથા કૃષ્ણ નદીમાં સ્નાન કરી બંને નદીને પ્રગટ સંબંધ અર્પ્યો.

સર્વોપરી પ્રભુ જે જે નદી-સરોવરમાં સ્નાન કરતા, પોતાના દિવ્ય સ્પર્શ વડે પ્રસાદીભૂત કરતા ત્યારે તેમાં પણ એમના જીવોના કલ્યાણના કંઈક સંકલ્પો હોય. તેમાં વસનાર જળચર પ્રાણીઓ તથા જે જે નગરમાં, ગામમાં તેનું પાણી પીનાર વ્યક્તિ, નદી-સરોવરમાં સ્નાન કરનાર તમામનું તેમાં આત્યંતિક શ્રેય થતું હોય છે. અને તેથી જ વર્ણી આવા સ્થાનોને પ્રસાદીભૂત કરતા.

વર્ણી આદિકૂર્મ થઈ માનસપુર શહેરમાં પધાર્યા. અહીં સત્રધર્મા નામના રાજા હતા. તે ભાવિક અને સદ્‌ગુણી હતા. સાધુ-સંતો તથા અભ્યાગતોને સદાવ્રત આપતા હતા.

"આવ્યા આદિકૂર્મ તીરથ, સુખદાઈ હરિ સમરથ;
તેને સમીપે માનસા શહેર, આવ્યા તિયાં કરી હરિ મેર,
તેનો રાજા છે અતિ પવિત્ર, જેણે બાંધ્યાં છે અન્નનાં ક્ષેત્ર;
અન્નારથી આવે જેહ જન, તેને ભાવે કરાવે ભોજન."[૧૦]

આ સદાવ્રતમાં અનેક વૈરાગીઓ આવતા. જુદા જુદા મતપંથના ભેખધારીઓ

---

**૧૦.** ભક્તચિંતામણિ : પ્રકરણ-૩૪

પણ આવતા. તો કેટલાક ત્યાં ને ત્યાં પડ્યા-પાથર્યા રહેતા.

વર્ણી માનસપુરમાં પધાર્યા. અહીં પણ વર્ણીનો પ્રૌઢ પ્રતાપ જણાઈ આવ્યો. સત્રધર્મા રાજા સુધી વાત પહોંચી કે આપણા શહેરમાં એક અતિ તેજસ્વી કિશોરમૂર્તિ વર્ણી પધાર્યા છે. શરીરે કૃશકાય છે પણ કાંતિવાન જણાય છે. અતિ તપસ્વી ને અતિ ત્યાગી છે. અનેક વૈરાગીઓ કરતાં તે સાવ જુદા છે. એમની ક્રિયા, બોલવું-ચાલવું, વિચરવું વગેરેમાં અલૌકિકતા રહેલી છે.

સત્રધર્મા રાજાને દર્શન-સેવાનો યોગ પ્રાપ્ત થવાનો હશે એટલે રાજાને વર્ણીનાં દર્શનની આતુરતા જાગી. તેઓ વર્ણી જ્યાં વિરાજતા ત્યાં આવી પહોંચ્યા.

વર્ણીનું વર્ણન સાંભળ્યું હતું તે મુજબ વર્ણીની સૌમ્ય અલૌકિક મૂર્તિનાં દર્શન કરતાં જ રાજાના ત્રિવિધ તાપથી ધગેલા અંતરમાં શીત લહર વ્યાપી ગઈ. અકારણ ટાઢું ટાઢું અનુભવાવા લાગ્યું. વર્ણીની દિવ્યતા રાજાને સ્પર્શી ગઈ હતી. રાજાને વર્ણીમાં સ્નેહ બંધાયો. વર્ણીને ગુરુ તુલ્ય ગણીને વંદન કર્યા. વર્ણીએ રાજા સન્મુખ દૃષ્ટિ કરી પોતાની કૃપાદૃષ્ટિમાં સમાવી લીધા. કેટલોક ઉપદેશ પણ આપ્યો. જે સાંભળી રાજાને વર્ણી પ્રત્યે ફરી અલૌકિકતા પ્રગટી. તેઓ વર્ણીની સરભરા, કાળજી, દેખભાળ રાખવા લાગ્યા.

જગન્નાથપુરી વૈરાગીઓનો અરસપરસ સંહાર થયેલો. તેમાંના કેટલાક વૈરાગીઓ ત્યાંથી ભાગી અહીં આવી પહોંચ્યા હતા. તેમણે અહીં વર્ણીને ઓળખી લીધા. વર્ણી પ્રત્યે તેમનો દ્વેષ હતો જ. અહીં પણ રાજા વર્ણીની વિશેષ સારસંભાળ રાખતા તેમજ મહત્ત્વ વધુ આપતા. આ જોઈ વૈરાગીઓનો દ્વેષ ભભૂકી ઊઠ્યો. તેમણે બધાએ ભેગા થઈ વર્ણીને મારી નાખવા નક્કી કર્યું. નદીમાંથી પથ્થરો લાવી એકઠા કર્યા. વર્ણી એકલા પડે કાં રાત્રે ઓટલા પર સૂવે ત્યારે પથ્થરો વડે તેમને મારવા !!

નીલકંઠ વર્ણી સાંજે ઓટલા પર ધ્યાનસ્થ અવસ્થામાં બિરાજતા બેઠા હતા. ત્યાં વૈરાગીઓનું મોટું ટોળું હાથમાં પથ્થરો લઈને આવી પહોંચ્યું. વર્ણી પર મોટા મોટા પથ્થરોનો વરસાદ વરસાવવો શરૂ કરી દીધો. ઘણા સમય સુધી વૈરાગીઓએ પથ્થરો ફેંક્યા. વર્ણીની આસપાસ પથ્થરોનો મોટો ગઢ રચાઈ ગયો. વૈરાગીઓને થયું કે, હવે વર્ણી બચી શકશે નહીં. નક્કી મૃત્યુ પામશે.

આ પામર વૈરાગીઓને ક્યાં ખબર હતી કે અનંતકોટિ બ્રહ્માંડમાં ધાર્યું આ વર્ણીનું થાય છે. સર્વેનાં નાડી-પ્રાણ પણ એમના હાથમાં જ છે. વર્ણીને એક પણ

પથ્થર વાગ્યો નહીં. બધા જ પથ્થરો એમની આજુબાજુમાં ઢગલો થઈ ગયા. તે ઢગલો પોતે જે ઓટલા પર ધ્યાન કરતા હતા તે કરતાં પણ ઊંચો થઈ ગયો હતો. સવારે વૈરાગીઓ જોવા આવ્યા કે વર્ણીનું શું થયું ? વર્ણી એ જ સ્થિતિમાં નિશ્ચલપણે ધ્યાન કરતા હતા. એમણે વર્ણીને હેમખેમ જોયા. એમને કશું જ થયું નહોતું. ક્યાંય ઈજા પણ નહોતી થઈ. આ જોઈ વૈરાગીઓ વધુ ક્રોધે ભરાયા. તેઓ હવે મારવા માટે આયુધો તૈયાર કરવા લાગ્યા. રાજાને આ વાતની ખબર પહોંચી કે વર્ણીને મારી નાખવા વૈરાગીઓ હથિયાર લઈ સજ્જ થયા છે. રાજાએ વર્ણીને ગુરુ તરીકે સ્વીકાર્યા હતા. તેમને વિષે વિશેષ ભાવ હતો. રાજા પોતે ઘોડા પર અસવાર થઈ સૈન્યને સાથે લઈ ત્યાં આવી પહોંચ્યા.

રાજાને સૈન્ય સાથે આવેલા જોઈ વૈરાગીઓ ગભરાયા. તેમને થયું, 'નક્કી રાજા આજ કોઈને જીવતા છોડશે નહીં.' તેથી જ્યાં ત્યાં છુપાઈ ગયા. રાજાએ સેનાપતિને તમામ પાપીઓને વીણી વીણીને ખતમ કરવાનો આદેશ કર્યો. રાજાના સૈનિકોએ વૈરાગીઓ જ્યાં જ્યાં છુપાયા હતા ત્યાંથી બહાર કાઢી કાઢીને એક એકનો સંહાર કર્યો. વર્ણીએ આ સ્થળને વિષે પણ આવી રીતે પાપીઓનો રાજાને નિમિત્ત કરી કચ્ચરઘાણ કઢાવ્યો ને તે ભૂમિને પાપી-અધર્મી અસુરોથી મુક્ત કરી.

સત્રધર્મા રાજા વર્ણી જ્યાં ધ્યાન કરતા હતા ત્યાં આવી પહોંચ્યા. વર્ણી ફરતે પથ્થરોનો ગઢ ચણાઈ ગયો હતો. રાજા પણ આ જોઈને આશ્ચર્ય પામ્યા. વર્ણીને બહુ સમર્થ મૂર્તિ જાણ્યા. એમનું આવું ઐશ્વર્ય નિહાળી તેમજ આવા સંજોગોમાં પણ આવી રીતે નિશ્ચલપણે પોતાની સ્થિતિમાંથી ચલિત થયા વિના સ્થિરભાવે રહેવું, નિર્ભીતપણે વર્તવું એ મનુષ્ય કે દેહધારીમાં ન હોઈ શકે. નક્કી આ ભગવાનનું સ્વરૂપ છે એવો રાજાને નિશ્ચય થયો. વર્ણી પાસે જઈ સેવાનો વિશેષ અવસર આપવા પ્રાર્થના-સ્તુતિ કરી. વર્ણીએ તેમને આત્યંતિક મોક્ષના આશીર્વાદ આપ્યા. પછી તેઓ ત્યાંથી નીકળી ગયા.

## તૈલંગ દેશના રાજાનો ઉદ્ધાર

દક્ષિણ ભારત તરફની વાટ પકડી વર્ણી ચાલ્યા. વચ્ચે મોટી નદી પાર કરી ચાલતાં ચાલતાં તૈલંગ દેશમાં પ્રવેશ્યા. ત્યાં રસ્તે મોટું વન આવ્યું. તેમાં એમણે રસ્તો ભૂલી ગયા હોય એવું મનુષ્યચરિત્ર કર્યું. એમના ચરિત્રમાં પણ હેતુ સમાયેલો હોય જ ! તેઓ ભૂલા પડ્યા.

"વળી ત્યાં થકી વાલો વિચરતા, એક ઝાડી વિષે ગયા ફરતા;
તેમાં ભૂલા પડ્યા ભયહારી, કર્યું મનુષ્યચરિત્ર મુરારી,
આવી ભૂમિ ભયંકર છેક, સૂતો દીઠો ત્યાં રાક્ષસ એક;
તેના મસ્તકમાં લાત મારી, ત્યારે ઊભો થયો તે ખૂંખારી."[૧૧]

તેથી આડાઅવળા રસ્તામાં ચાલતાં, રાત્રિના અંધારામાં સૂતેલા વ્યક્તિ પર વર્ણીના ચરણ પડ્યા અને એ તો ગર્જના કરતો ત્રાડ પાડી, 'કોણ છો તમે ?' કહેતાં જ ઘૂરકતો ઊભો થયો.

નીલકંઠ વર્ણીએ જોયું તો આ તો ભયંકર રાક્ષસ હતો. વર્ણીએ પાપી, ભૂતયોનિને પામેલા ઉપર પોતાની કરુણામય દૃષ્ટિ રેલાવી. વર્ણીની દૃષ્ટિથી રાક્ષસ વીંધાઈ ગયો. એનાં પાપમાત્ર બળીને ખાખ થઈ ગયાં. અંતર નિર્મળ થયું. તે વર્ણીને નમી પડ્યો. એના બંને હાથ જોડાઈ ગયા અને પ્રાર્થના કરવા લાગ્યો, "પ્રભુ ! મારું કલ્યાણ કરો. હું મોક્ષનો ભૂખ્યો છું. આપ કૃપા કરી મારા મોક્ષ માટે જ પધાર્યા લાગો છો ! મારો ઉદ્ધાર કરો. વર્ષોથી હું આ યોનિમાં સબડું છું. હજુ સુધી મારો કોઈ ઉદ્ધાર કરી શક્યું નથી. આ અશક્ય કામ આપ જ કરી શકશો. પ્રભુ ! મારા પર કૃપા કરો."

અંતર્યામી નીલકંઠ વર્ણીએ જાણતા હોવા છતાં અજાણ્યા થઈ આમ થવાનું કારણ પૂછ્યું. અને રાક્ષસે નિર્દોષભાવે કહેવા માંડ્યું, "હે વર્ણી ! હું તૈલંગ દેશનો એક ધર્મિષ્ઠ રાજા હતો. મારા રાજ્યમાં જયદેવ અને મુકુંદદેવ બે સિદ્ધિવાળા વિદ્વાન બ્રાહ્મણો રહેતા. એ બંનેના વ્યવહારિક ઝઘડાનો ન્યાય કરવા જતાં મને મુકુંદદેવે શ્રાપ આપ્યો કે, તું નવ મહિનામાં રાક્ષસ થઈ જઈશ. જ્યારે બીજા જયદેવે વરદાન આપ્યું કે, તું ભલે રાક્ષસ થા પણ તને સાક્ષાત્ ભગવાન મળશે અને તારું કલ્યાણ કરશે. અને ત્યારથી હું શ્રાપથી રિબાતો અહીં રાક્ષસ થઈ પડ્યો છું. આજે આપ આ માટે જ પધાર્યા છો. એટલે જ મને તમારા ચરણનો સ્પર્શ થયો છે. માટે મારો ઉદ્ધાર કરો."

નિષ્કપટભાવે રાક્ષસે પોતાની બધી વાત કરી છે એમ જાણી દયાળુમૂર્તિ નીલકંઠ વર્ણીએ તેને આશીર્વાદ આપ્યા કે, "જા, તારો દેહ પડશે એટલે તું હવે કાઠિયાવાડમાં અમારા સત્સંગીના ઘેર જન્મ ધરીશ. અમારી સેવાભક્તિનો યોગ મળશે અને અમારા સર્વોપરી સ્વરૂપની સર્વોપરી ઉપાસના દૃઢ કરી મારી મૂર્તિના સુખને પામીશ."

**૧૧.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૧

"કહ્યું જા હવે સોરઠમાંય, જેતપુર છે વાળાનું જ્યાંય;
કાઠી બશિયાના કુળ મોઝાર, ધરજે જઈને અવતાર,
રતો નામ તારું કહેવાશે, તને મારો સમાગમ થાશે."[૧૨]

અને એ આશીર્વાદ મુજબ એ રાક્ષસ પાપમય યોનિને છોડી સોરઠના જેતપુર ગામમાં રતા બશિયા નામે થયા હતા.

## સેવકરામ સાધુની સેવા

નીલકંઠ વર્ણીએ વેંકટાદ્રિના વનમાં પ્રવેશ કર્યો. નિર્ભીતપણે તેઓ ચાલતા હતા. રસ્તામાં તેમને સેવકરામ નામે એક સાધુ મળ્યા. તે એકડમલ હતા. તેઓ રસ્તામાં માંદા પડ્યા. તેઓ લોહીખંડ પેટબેસણુંના (રક્તાતિસાર-મરડાના) રોગથી પીડાઈ રહ્યા હતા. તેમની સાથે રહેલા સાધુઓ તે સેવકરામને ત્યજીને જતા રહ્યા હતા. તેથી સેવા કરનાર કોઈ રહ્યું નહોતું. તે નિરાધાર થઈ ગયા હતા ને રડતા હતા. એમને જોઈને વર્ણીને દયા ઊપજી. સેવકરામ સાધુ હતા. ને વર્ણીને સાધુની સંગત ગમતી. ત્યાગી પર વિશેષ કૃપાદૃષ્ટિ રાખવાનો વિશેષ ગુણ તેઓ પ્રદર્શિત કરતા. વર્ણીએ સેવકરામને હિંમત આપીને કહ્યું, "તમે કાંઈ ચિંતા કરશો નહીં. હું તમારી સેવા કરીશ." અને એમની સેવા-ચાકરી કરવા વર્ણી તૈયાર થયા.

સેવકરામને લઈ ચાલતાં ચાલતાં રસ્તામાં વર્ણી એક ગામમાં પધાર્યા. ગામની બહાર એક ફૂલવાડી હતી. તેમાં વડનું વૃક્ષ હતું. તે વડમાં કેટલાંય ભૂતપ્રેત રહેતાં હતાં. ત્યાં આવીને તેમણે નિવાસ કર્યો. સેવકરામ આ રોગથી ત્રાસી ગયા હતા. વારે વારે ઝાડા જવાનું થતું હોવાથી શરીરે અશક્ત થઈ ગયા હતા. આગળ ચાલી શકે એવી શક્તિ શરીરમાં ન રહી. વર્ણીને દયા ઊપજી. વર્ણીએ વનમાંથી કેળનાં પાન લાવી એક હાથ ઊંચી પથારી કરી આપી; તેમાં સેવકરામને સુવડાવ્યા. તેઓને લોહીખંડ પેટબેસણું હતું. તેથી વારે વારે ઝાડા થતા. પોતે અશક્ત હતા. તેથી ક્રિયા જાતે થઈ શકતી નહોતી. વર્ણી તેને ધોઈ સાફ કરતા. એમને નવરાવતા-ધોવરાવતા. વળી, જમવાનું લાવી એમને સમયે જમાડતા એમ નિત્ય એમની સેવા કરતા. બે માસ સુધી વર્ણીએ એમની આવી ખૂબ સેવા કરી. એટલે એ સાજા થયા. નિરોગી થઈ ગયા. શેર ઘી પચાવે એવા સમર્થ થયા હતા.

પછી તેઓ ત્યાંથી ચાલ્યા. સેવકરામ પાસે એક મણ જેટલો ભાર હતો. પોતે

---

૧૨. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૧

સાજા-નરવા થયા હતા. મણ ભાર ઉપાડી શકે એવા નિરોગી હતા. વર્ણી તો ભાર નામે રૂમાલ પણ રાખતા નહિ તોપણ સઘળો ભાર તે વર્ણી પાસે ઉપડાવતા. ને પોતે ખાલી હાથમાં માળા લઈને ચાલતા. એમની પાસે એક હજાર સોનામહોર હતી. વર્ણી પાસે પોતાને ભાવતી વસ્તુ મંગાવી તેની રસોઈ કરાવી પોતે જમતા હતા. પણ વર્ણીને જમવા માટે કદી પૂછતા નહોતા. વર્ણી વસ્તીમાં જઈ જમી આવતા ને જો ન મળે તો ઉપવાસ કરતા. પણ વર્ણીની તે દરકાર કરતા નહોતા. વર્ણીએ જોયું કે આ સાધુના ગુણ નથી ને ભગવાનની ભક્તિ પણ નથી અને કોઈએ કરેલા ઉપકારની કૃતજ્ઞતા પણ નથી. જે કરેલા ઉપકારને ન જાણે તે કૃતઘ્ની કહેવાય. જે સારા કાર્યની કદર ન કરે તે પણ કૃતઘ્ની કહેવાય. તેથી વર્ણી સેવકરામનો ત્યાગ કરી ચાલી નીકળ્યા.

સેવકરામને બે માસ સુધી વર્ણીનું સાંનિધ્ય સાંપડ્યું. સ્વયં સર્વોપરી પ્રભુ એમની સેવા કરતા. તે સંપૂર્ણ સાજા થયા ત્યાં સુધી નિર્માનીપણે, દાસભાવે સેવા કરે રાખી... કેમ ? તો સેવકરામ સાધુ હતા. ત્યાગી હતા ને એટલે. પ્રભુને પામવા માટે સેવકરામે ભેખ લીધો હતો. સર્વોપરી પ્રભુની પ્રાપ્તિ થઈ તોયે તેમને ઓળખી ન શક્યા. પોતાના લોભી સ્વભાવને મૂકી ન શક્યા. વર્ણી તો સેવકરામનો ત્યાગ કરીને ચાલી નીકળ્યા હતા. પછી સેવકરામ ભૂતપુરી ગયા. ત્યાં એક મંદિરના તેઓ મહંત હતા. તેમને બે-ચાર ચેલા પણ હતા. પણ ચેલા કેવા હતા ? જેવા ગુરુ હતા એવા જ ચેલા હતા. તે બધા સ્વાર્થી ચેલાઓ હતા.

થોડા સમયે સેવકરામ ફરી બીમાર પડ્યા. તેમની સેવામાં ચાર ચેલાઓ હતા. પણ તેઓ એકેય વર્ણીના જેવી સેવા કરતા નહીં. વાતે વાતે સેવકરામને હડધૂત કરી નાખતા. એ સમયે સેવકરામ સાધુને નીલકંઠ વર્ણીની સેવા યાદ આવી ગઈ. એમની સેવાની કદર ત્યારે સમજાણી... અને એ વખતે એમને પશ્ચાત્તાપ થયો.

"એહ સેવકરામ હતો સંત, મંદિરમાંહી મહંત,
તેના ચેલા હતા બે-ચાર, તે તો રહેતા મંદિર મોઝાર;
થયો સેવકરામ બીમાર, કરે ચાકરી તે ચેલા ચાર,
જેવી વર્ણીને હતી રૂડી ટેવ, એવી કોઈ કરે નહિ સેવ;
એમ કહીને થાય દલગીર, આવે નેણામાં ચોધારા નીર,
વર્ણીને સંભારે નિશદિન, થાય રોમાંચિત તેનું તન;
અંતે વાલે દીધાં દર્શન, તે તો કરવા લાગ્યો સ્તવન,

કહે શ્રીજી હે સેવકરામ, નીલકંઠ વર્ણી મારું નામ;
હું છું પુરુષોત્તમ ભગવાન, એવું માનજો મનમાં નિદાન,
હાલ વિચરું સોરઠમાંય, દેવાં દર્શન આવ્યો છું આંય."[૧૩]

સેવકરામે એમના ચેલાને બોલાવીને કહ્યું, "મને સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થાય છે. સ્વામિનારાયણ નામ લઈને જે કોઈ આવે તેને પાકું સીધું આપજો." એટલું કહી તેમણે દેહ મૂકી દીધો. શ્રીજીમહારાજે એમને બીજો જન્મ સત્સંગમાં ધરાવ્યો.

"પંચ ભૌતિક દેહ મેલાવ્યો, સત્સંગમાં જન્મ ધરાવ્યો;
ભાલ દેશમાં ઝીંઝર ગામ, ક્ષત્રી ખોડાભાઈ એવું નામ."[૧૪]

નીલકંઠ વર્ણી વેંકટાદ્રિ પહોંચ્યા. ત્યાં અનેક તીર્થવાસીઓને, યાત્રાળુઓને પોતાની વ્યતિરેક મૂર્તિનાં દર્શન સુર્લભ બને, સહેજે થાય તે માટે પાંચ દિવસ રોકાયા. અનેક મુમુક્ષુઓને સંકલ્પમાં સમાવી ત્યાંથી તેઓ શિવકાંચી તથા વિષ્ણુકાંચી ચાલ્યા. અહીં પણ કેટલાક દિવસ રોકાયા. ત્યાંથી ચાલી શ્રીરંગક્ષેત્રમાં પધાર્યા. અહીં કાવેરીમાં સ્નાન કર્યું. કાવેરી નદીનો કિનારો સુંદર વન-ઝાડ-પાનથી હરિયાળો-લીલોછમ ને શોભાયમાન હતો. વર્ણીએ અહીં મુકામ કર્યો. શ્રીરંગક્ષેત્રમાં વર્ણી બે માસ સુધી રહ્યા. વર્ણીના વિચરણને હવે લગભગ પાંચેક વર્ષ થઈ ગયાં હતાં.

## પંક્તિભેદના પાપે

નીલકંઠ વર્ણી શિવકાંચી, વિષ્ણુકાંચી અને શ્રીરંગક્ષેત્ર થઈ એક શહેરમાં પધાર્યા. ત્યાંના રાજાએ ધર્મશાળા બંધાવી હતી. ત્યાં જે તીર્થવાસીઓ આવે તેને તૈયાર ભોજન આપવાનો પ્રબંધ કરેલો. ને તેને માટે રાજાએ એક વૈરાગી પર વિશ્વાસ મૂકી તેને મહંત બનાવી આ સદાવ્રતનો કારભાર સોંપ્યો હતો. વૈરાગીએ સદાવ્રતમાં ગેરવહીવટ કરવા માંડ્યો. પોતાના કોઈ ઓળખીતા, હેતવાળા કે વ્યવહારે મોટી વ્યક્તિની સારી સરભરા કરે ને સામાન્ય તીર્થવાસીઓનો ભાવ પણ ન પૂછે ને સદાવ્રતના સીધું-સામાનમાંથી ગેરવહીવટ કરી પૈસાનો સંગ્રહ કરતો.

નીલકંઠ વર્ણી આ ધર્મશાળામાં આવી પહોંચ્યા. ત્યાં જઈ વૈરાગી મહંત પાસે

---

**૧૩.** શ્રી સ્વામિનારાયણચરિત્ર રત્નાકર : તરંગ-૧૦૩

**૧૪.** શ્રી સ્વામિનારાયણચરિત્ર રત્નાકર : તરંગ-૧૦૩

ભોજન માગ્યું. વૈરાગીએ વર્ણીને સામાન્ય વૈરાગી સમજી તેમની સામું જોયું પણ નહીં. આવા તો ઘણા ભેખધારી આવતા-જતા હોય એમ સમજી વર્ણીને ભોજન આપવાને બદલે કોરો લોટ આપવા માંડ્યો. વર્ણીએ તૈયાર ભોજન માગ્યું તો કહ્યું જે, તૈયાર ભોજન તો નહિ મળે. ખરેખર તો રાજાએ જે કોઈ પણ તીર્થવાસી આવે તેને જમાડવા દૂધપાક, માલપૂઆનો પ્રબંધ કરેલો. વર્ણીએ કોરો લોટ ન લીધો. તેઓ એક બાજુ જઈ બેઠા.

બપોરે પંક્તિ થઈ. બધા વૈરાગીઓ જમવા બેઠા. દૂધપાક અને માલપૂઆ પીરસાયા, પણ છતાં વૈરાગીઓએ નીલકંઠ વર્ણીને જમવા ન બોલાવ્યા. તેમની ઉપેક્ષા કરી. તે પંક્તિભેદના પાપે અને રાજા તરફથી તીર્થવાસીઓ માટે અપાતા સદાવ્રતનો યોગ્ય પ્રબંધ થતો નહિ હોવાથી વર્ણી કુરાજી થયા. એમની ઇચ્છાથી એ વખતે વૈરાગીઓને દૂધપાક-માલપૂઆ પીરસાયેલા હતા તેમાં દૂધપાકમાં જે ચોખા હતા તે બધી ઈયળો થઈ ગઈ અને માલપૂઆનું માંસ થઈ ગયું.

વૈરાગીઓ આ દૃશ્ય જોઈ ત્રાસી ગયા. ક્રોધાયમાન થઈ ધોકા અને ચીપિયા લઈ રસોઇયા બ્રાહ્મણોને મારવા દોડ્યા. બ્રાહ્મણે કહ્યું, ‘‘ભૂલ મારી નથી. રસોઈ તો રોજ કરીએ છીએ તેમ આજે પણ રસોઈ તે મુજબ જ થઈ છે. પણ વાંક તમારા વહીવટદારોનો છે. તમે આ નાનકડા વર્ણીને ન ઓળખી તેમની સાથે પંક્તિભેદ કર્યો છે. ને તેનું જ આ પરિણામ મને લાગે છે.’’ બ્રાહ્મણોએ વૈરાગીઓને ભૂલ ઓળખાવી. વૈરાગીઓને રસોઇયા બ્રાહ્મણોની વાત સાચી લાગી. પોતે ભૂલ કરી છે ને ગુનેગાર પણ છે. આ વાતનો સ્વીકાર થયો. પણ હવે કરવું શું ?

રસોઇયા બ્રાહ્મણોએ કહ્યું, ‘‘તમે બધા નિર્માની થઈ વર્ણી પાસે જાવ. તેમની માફી માગી રાજી કરો ને કરેલા અપરાધને માફ કરાવો. જો વર્ણી રાજી થશે તો સહુ સારાં વાનાં થશે.’’

વૈરાગી મહંત તેમજ અન્ય વૈરાગીઓ પોતાનું અભિમાન ત્યજી વર્ણી પાસે કરગરતા આવ્યા. પ્રાર્થના કરી પોતાનો અપરાધ માફ કરાવ્યો. વર્ણીએ તેમના પાપ-ગુના સામું ન જોતાં દયાળુમૂર્તિએ સહુને માફી બક્ષી. એટલું જ નહિ, તેમની પર કૃપા કરતાં પોતાનું તેજોમય સાક્ષાત્ ભગવાનપણે દર્શન કરાવ્યું ને પોતાનો નિશ્ચય કરાવ્યો. અને ફરી ક્યારેય આવું અઘટિત કાર્ય નહિ કરવાનો ઉપદેશ આપી આગળ ગતિમાન થયા.

## ભગવાનદાસને ભેટો

સેતુબંધ રામેશ્વરના માર્ગે આગળ ચાલતાં એક ગામ આવ્યું. ત્યાં નદીકિનારે પીપળાનું વૃક્ષ હતું. તેની ઘટાદાર છાયા જોઈ વર્ણી ત્યાં બે ઘડી વિસામો લેવા બિરાજ્યા.

આ ગામમાં ભગવાનદાસ ભાવસાર, તેની પત્ની તથા તેની માતા એ ત્રણેય સારા મુમુક્ષુ ને સંસ્કારી જીવ હતાં. ને તેથી જ તો વર્ણી તેમની મુમુક્ષુતાને પિછાની અહીં આવી પહોંચ્યા હતા...!!!

ભગવાનદાસની વૃદ્ધ માતા ખૂબ ભગવદી હતાં. તેમને પ્રગટ પ્રભુને મેળવવાની ને દર્શન કરવાની ઝંખના રહ્યા કરતી. તેમણે નક્કી કર્યું હતું કે પ્રગટ ભગવાનને શોધવાથી તે જરૂર મળે છે. તે રોજ તેમના દીકરા ભગવાનદાસને ભગવાનની શોધમાં જવાનું કહેતાં.

આજે વૃદ્ધ ડોશીમા સવારથી જ દીકરાને પ્રગટ પ્રભુની શોધમાં જવા સારુ કહેવા લાગ્યાં હતાં. મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને પ્રગટ પ્રભુની પ્રાપ્તિ જો ન થાય તો મનુષ્યજન્મનો કોઈ હેતુ સરતો નથી ને પ્રગટ ભગવાનની પ્રાપ્તિ ન મળી ને બાકી બધું મળ્યું તો એને શું કરવાનું ! એ ક્યાં સુધી કામમાં આવવાનું ?

વૃદ્ધ માતાના અતિ આગ્રહને વશ થઈ ભગવાનદાસનું હૃદય પીગળ્યું. તે પ્રગટ ભગવાનની શોધ માટે તૈયાર થયા. ડોશીમા સમક્ષ મૂંઝવણ વ્યક્ત કરી કે, “મા ! મારે પ્રગટ ભગવાનને શોધવા જવું ક્યાં ? ને મને એમનો ભેટો થઈ જાય તો એમને ઓળખવા પણ કેમ ?”

દીકરો ભગવાનની શોધ માટે જવા તૈયાર થયો તે જાણી ડોશીમાના હૈયે આનંદ આનંદ થઈ ગયો. તે હરખઘેલા થઈ ગયાં. ભગવાનદાસને માર્ગમાં ચાલતાં જમવા માટે ભાતું બનાવી આપ્યું ને અંતરના આશિષ આપી તેમને વળાવ્યા.

ડોશીમાએ ભગવાનને આ લોકમાં ઓળખવા અંગે ભગવાનદાસને કહ્યું,

“ભગવાનના બંને ચરણોમાં ચિહ્નો હોય. ડાબા પગમાં સાત ને જમણા પગમાં નવ ચિહ્નો એમ બંને ચરણોમાં થઈ કુલ સોળ ચિહ્નો હોય. તેનાં દર્શન પ્રભુ કરાવે તો સમજવું કે નક્કી ભગવાન છે.” એમ ડોશીમાએ ભગવાનને ઓળખવા માટેની એંધાણી આપી ને વળી કહ્યું, “ભગવાન શોધવા માટે ક્યાં જવું ? તો ભગવાનને જંગલ, પર્વત, મંદિર, તીર્થમાં કે હિમાલયમાં શોધવા તે તો

ઘણું કપરું ને દુષ્કર કામ છે. ત્યાં મળે પણ ખરા ને ન પણ મળે; ને જો મળી જાય તો ઓળખી શકાય નહીં. માટે જો સાચો ભાવ અને સાચી લગન હશે; ભગવાનની વિશુદ્ધ ભક્તિ ને નિષ્કામભાવ હશે તો... ભગવાનને શોધવા ગયેલાને ભગવાન કૃપા કરી શોધી લેશે ને પોતાની ઓળખાણ સ્વયં પોતે જ કરાવશે.''

ભગવાનદાસને પણ હવે ભગવાનનાં દર્શનનો ઉમંગ જાગ્યો. શરીરમાં તરવરાટ પેદા થયો. વૃદ્ધ ડોશીમાને પ્રણામ કરી, પત્નીને આશ્વાસન આપી તે તો ભગવાનને શોધવા ભાતું લઈ ઘરેથી નીકળી ગયા.

ભગવાનદાસ નિષ્કામ હતા. તેમનો નિર્દોષભાવ હતો. પ્રગટ ભગવાનનાં દર્શનની તેમને તાલાવેલી જાગી હતી. ભગવાનની શોધખોળ પાછળ આખું આયખું વિતાવવાની તૈયારી હતી ને રસ્તે ગમે તેવું વિકટ કષ્ટ આવે તેની તૈયારી સાથે ભગવાનદાસ નીકળ્યા હતા.

આવા ગરજુ અને ભૂખ્યા મુમુક્ષુઓ માટે જ તો અક્ષરાધિપતિ પુરુષોત્તમનારાયણ પ્રગટ થયા હતા. ને આજેય એવા માટે પ્રતિમા સ્વરૂપે પ્રગટ છે જ. એવા મુમુક્ષુ ભક્તને ભગવાન ન શોધે, એની પર કૃપા ન કરે એવું થોડું બને !

પ્રગટ ભગવાનનો અચૂક ભેટો થશે જ એવા અતૂટ વિશ્વાસે ભગવાનદાસ ઝડપથી ચાલ્યા જતા હતા. ભક્તવત્સલ ભગવાન વર્ણી વેષે વૃક્ષ નીચે વિસામા માટે બિરાજ્યા હતા. ત્યાંથી થોડે જ દૂર એ રસ્તેથી ભગવાનદાસ પસાર થયા. ભગવાનદાસને ખબર નથી કે જેને હું શોધવા નીકળ્યો છું તે સ્વયં સર્વોપરી ભગવાન તો અહીં પીપળાના વૃક્ષ નીચે બિરાજ્યા છે. પામર જીવની શું ગતિ કે એમને કેમ ઓળખી શકે ? એ તો સ્વયં સર્વોપરી ભગવાન જ કૃપા કરે તો ગમે તે ઓળખી શકે.

ભગવાનદાસને ખબર નહોતી કે આ પ્રગટ ભગવાન છે. પણ પ્રગટ ભગવાનને તો ખબર જ હતી કે આ પ્રગટ ભગવાન કહેતાં અમારી શોધમાં નીકળ્યો છે. સમગ્ર કુટુંબને ભગવાન પ્રાપ્તિનો ખપ અને તેનાં પ્રગટ દર્શનના ખપવાળા જાણી કેવળ કૃપા કરી વર્ણીએ જ કહ્યું, ''એય... ભગવાનદાસ ! અહીં આવો.'' એમ અંતર્યામીપણે તેમનું નામ લઈ સાદ પાડી બોલાવ્યા.

ભગવાનદાસને આ નિર્જન વિસ્તારમાં નામ દઈને કોઈ બોલાવે છે તે સાંભળી નવાઈ લાગી. તેમને થયું કે અહીંયાં મારું કોણ ઓળખીતું હશે ? તેમણે નજર કરી તો પીપળાના વૃક્ષ નીચે વર્ણી બિરાજ્યા હતા. તે સાદ પાડીને બોલાવતા હતા.

ભગવાનદાસને થયું, 'હું આમને ઓળખતો-પિછાનતો નથી. તે મને કેમ ઓળખતા હશે ?' તેમને આશ્ચર્ય થયું. નક્કી આ કોઈ સાધારણ મનુષ્ય જેવા નથી લાગતા. તે વર્ણી પાસે ગયા. પગે લાગી નજીક બેઠા અને બોલાવવાનું કારણ પૂછ્યું ને કહ્યું, "તમે મને કેમ ઓળખો છો ?"

નીલકંઠ વર્ણી મંદ મંદ હસ્યા ને કહ્યું, "ભગવાનદાસ ! મેં તો તમને મારા પગમાં કાંટો વાગ્યો છે તે કાઢવા માટે બોલાવ્યા છે. તમને કાંટો કાઢતાં આવડે તો કાઢી આપશો ?" ભગવાનદાસે કહ્યું, "હું તો ભગવાનની શોધમાં નીકળ્યો છું. મારે ઊભા રહેવું કે નવરું બેસી રહેવું પોસાય તેમ નથી."

વર્ણીએ કહ્યું, "કાંટો કાઢશો તો પ્રભુ તુરત મળી જ જશે." એમ કહી વર્ણીએ પોતાનો ચરણ ભગવાનદાસ સામું લાંબો કર્યો. ભગવાનદાસે વર્ણીના દિવ્ય ચરણને પોતાના ખોળામાં લઈ કાંટો કાઢવા ચરણમાં જોયું તો ચરણમાં ચિહ્નો દેખાયાં. ઊર્ધ્વરેખા, અષ્ટકોણ, જવ, સ્વસ્તિક, જાંબુ, વ્રજ, અંકુશ, કેતુ, પદ્મ એમ નવ ચિહ્નોનાં દર્શન કરી ભગવાનદાસ રાજી રાજી થઈ ગયા.

ત્યાં જ વળી વર્ણીએ બીજો ચરણ લાંબો કર્યો ને કહ્યું, "આમાં પણ કાંટો જોઈ આપો." ભગવાનદાસે ડાબા ચરણમાં જોયું તો એમાં પણ સાત ચિહ્નો ત્રિકોણ, કળશ, ગોપદ, ધનુષ્ય, મીન, અર્ધચંદ્ર ને વ્યોમનાં દર્શન થયાં. ભગવાનદાસે વર્ણીના બંને ચરણ ભેગા કરી જોયા તો કુલ સોળ ચિહ્નોનાં દર્શન થયાં. તે તો આનંદથી ઊછળી પડ્યા. "મને પ્રગટ ભગવાન મળ્યા... મને પ્રગટ પ્રભુની પ્રાપ્તિ થઈ..." એમ આનંદથી ચિત્કારી ઊઠ્યા. તેમના હૈયે આનંદ સમાયો રહ્યો નહીં. તે વર્ણીને બાઝી પડ્યા. વર્ણીમાં તેમને ભગવાનપણાનો નિશ્ચય પાકો થઈ ગયો. તેમને કલ્પના નહોતી કે આટલા જ સમયમાં માત્ર આટલા જ દાખડાથી ભગવાનની પ્રાપ્તિ થઈ જશે.

ભગવાનદાસ વર્ણીને પ્રાર્થના-વિનંતી કરીને પોતાને ઘરે લઈ આવ્યા.

ભગવાનદાસે તેની વૃદ્ધ માતાને બૂમ પાડીને બોલાવી, "મા ! જુઓ તો હું કોને લઈ આવ્યો છું ?"

ડોશીમા ઘરની બહાર નીકળ્યાં. વર્ણીની સામું ઝીણી નજરે જોયું, પણ તેમને તો કોઈ તેજસ્વી વૈરાગી જેવા વર્ણી જણાયા.

ડોશી બોલ્યાં, "દીકરા ! તને પ્રગટ ભગવાન શોધવા માટે મોકલ્યો હતો ને તું આ બ્રહ્મચારીને કેમ પકડી લાવ્યો ?"

વર્ણી ડોશીનું બોલવું સાંભળીને કરુણામય રીતે હસવા લાગ્યા. તેમને થયું... 'બિચારાં ડોશીમા અમને ઉપલક અવરભાવથી શું ઓળખી શકવાનાં ? જીવો તો અમને એમના જેવા દેહધારી જ દેખવાના ને !'

ભગવાનદાસે કહ્યું, ''મા ! આ કોઈ સાધારણ બ્રહ્મચારી નથી. આ તો સ્વયં પ્રગટ ભગવાન છે. એ દેખાય છે મનુષ્ય જેવા પણ એમના ચરણોમાં સોળ ચિહ્નો છે.''

નીલકંઠ વર્ણીએ આ ભાવસાર કુટુંબ પર પોતાની અતિશે કરુણા રેલાવી પોતાના દર્શનમાત્રથી ત્રણેયને નિર્વિકલ્પ સમાધિ કરાવી. સમાધિમાં પોતાનો દિવ્ય પરભાવ જણાવ્યો. તેજોમય દર્શન આપ્યાં.

થોડી વારે સમાધિમાંથી ત્રણેય જાગ્રત થયાં. આખું કુટુંબ પ્રગટ ભગવાન ઘેર પધાર્યા જાણીને, દર્શન થયાં જાણી આનંદ આનંદમાં ઘેલાં થઈ ગયાં. ત્રણેય રાજી રાજી થઈ ગયાં.

નીલકંઠ વર્ણી પણ આ ભાવસાર કુટુંબનો ભાવ જોઈ, પ્રેમ નિહાળી તેમના ઘેર ત્રણ દિવસ રહ્યા. ત્રણેયને પોતાના સ્વરૂપસંબંધી ખૂબ સુખ દીધું ને એમને પોતાના આશીર્વાદના કોલ આપ્યા કે, ''બીજે જન્મે ગુજરાતમાં દંઢાવ્ય પ્રાંતમાં વડનગર ગામે ઝુમખરામ ભાવસારને ત્યાં તમારો જન્મ થાશે. ત્યાં અમારો તમને મેળાપ થશે. તમે અમારા સત્સંગી થશો. અમારા સર્વોપરી સ્વરૂપની ઓળખાણ પણ થશે. તમારી સેવા સ્વીકારી તમને અમે અમારી મૂર્તિના સુખભોક્તા કરીશું.'' એમ કહી વર્ણી બીજા દિવસની વહેલી સવારે કશું કહ્યા વગર જ ત્યાંથી ચાલી નીકળ્યા.

## નીલકંઠ વર્ણી ભૂતપુરી તરફ

નીલકંઠ વર્ણી સમુદ્રકાંઠે પધાર્યા. શ્રીલંકા દેશ તરફ દૃષ્ટિ કરી સંકલ્પોનાં વાવેતર કરતાં ત્યાંની ખાડી પાર કરવા નાવમાં બિરાજ્યા. અનેક કઠિનાઈ વેઠી તેઓ સેતુબંધ રામેશ્વર પહોંચ્યા.

અહીં આ સ્થળે અનેક તીર્થવાસીઓ આવતા હતા. અનેક જીવોનું એકસાથે કલ્યાણ થાય એવા સ્થળને પસંદ કરી તેઓ ત્યાં સામે ચાલીને જતા... ને શ્રદ્ધાળુ જો વધુ હોય તો તેઓ ત્યાં સહુને પોતાનાં દર્શન-સેવા મળી રહે તેમજ અનેક જીવનાં કલ્યાણસંબંધી સંકલ્પ થઈ શકે તેથી ત્યાં પોતે રોકાતા પણ ખરા. એવી જ

રીતે અહીં પણ મોટું સ્થાન હોવાથી રોજ હજારો શ્રદ્ધાળુ-મુમુક્ષુઓ આવતા. સહુને પોતાના સંકલ્પમાં સમાવવા વર્ણી અહીં બે માસ સુધી રોકાયા.

પછી અહીંથી ચાલ્યા તે સુંદરરાજ પહોંચ્યા. ત્યાંથી તેમણે ભૂતપુરી જવા માટેની દિશ પકડી હતી. વચ્ચે ગાઢ જંગલનો રસ્તો હતો. વર્ણી વનમાંથી પસાર થયા. રાત્રિનિવાસ પણ આ ગાઢ જંગલમાં જ કરતા. જમવામાં કોઈ ફળ-ફૂલ વનમાંથી પ્રાપ્ત થતાં તેને આરોગતા ને ન મળે તો ઉપવાસ પણ કરતા. આગળ ચાલતાં રસ્તામાં એક કૂવો આવ્યો. તેની પાસે ધૂણી ધખાવીને એક સિદ્ધ વૈરાગી બેઠો હતો. ખરેખર તે સિદ્ધ નહોતો પણ ઢોંગી ધુતારો હતો. ભોળી પ્રજા સમક્ષ પોતાની મોટી મોટી બડાઈની વાતો કરી ભરમાવીને પ્રજાને લૂંટતો હતો. નીલકંઠ વર્ણીને તે સિદ્ધે જોયા એટલે તેણે પોતાની સિદ્ધાઈની-સામર્થીની ને આયુષ્યની મોટી વાતું કહી. વર્ણી તો અંતર્યામી પ્રભુ હતા. તેનું બધું જ જાણતા હતા. તેની સિદ્ધાઈ જોવા સારુ વર્ણી ત્યાં જ રાત્રિ રોકાઈ ગયા. વર્ણી જાગતા જ સૂતા હતા.

મધ્યરાત્રિ વીતી એટલે સિદ્ધ ઊઠ્યા. થોડે દૂર ઝાડ પર સીધું-સામાન સંગ્રહ કરેલો તે કાઢી રાત્રે રસોઈ બનાવીને જમ્યા. બહાર તેની ખ્યાતિ એવી હતી કે આ સિદ્ધ કદી કશું જમતા નથી. જોકે આવો એ ઢોંગ કરતો હતો. કહેવાતા સિદ્ધ વૈરાગીનો આવો પાખંડ વર્ણીએ નજરે જોયો... તેઓ વિચારવા લાગ્યા : 'આવા ઢોંગી ને પાખંડી સાધુઓએ મુમુક્ષુ પર સામ્રાજ્ય જમાવ્યું છે. તેઓ લોકોને અંધશ્રદ્ધામાં ડુબાડી ગેરમાર્ગે દોરતા હોય છે. આવા સાધુ સમાજનું શું હિત કરે ?' તેમને સાચા સ્ફટિક જેવું નિર્મળ ને પારદર્શક જીવન જીવતા હોય, ઢોંગ ને પાખંડથી રહિત એવા સંત સમાજની રચના કરવી હતી. જેથી અનેક મુમુક્ષુઓ ભક્તિના માર્ગે વળી સહેલાઈથી પ્રભુની પ્રાપ્તિ કરી શકે..!

"નહિ કદી જળપુર મધ્ય ધાવું, નહિ કદી બુદ્ધિ છતાંય મૂર્ખ થાવું;
નહિ ઠગ ગુરુથી કદી ઠગાવું, નહિ વિષનેય પીયૂષ જાણી ખાવું."[૧૫]

નીલકંઠ વર્ણી પ્રભાત થતા પહેલાં ત્યાંથી ચાલી નીકળ્યા. ઘોર અડાબીડ જંગલ હતું. તેમાં પાંચ દિવસ સુધી ચાલતા જ રહ્યા. વચ્ચે જંગલમાં ફળ કે ફૂલ કશું આરોગવા મળ્યું નહીં. પીવા માટે પાણી પણ મળ્યું નહોતું. હવે તેમનું શરીર સાવ અચેતન થઈ ગયું હતું. તેઓ લથડિયાં ખાઈને ભૂમિ પર પડ્યા.

થોડી વારે જાગ્રત થયા. થોડે જ દૂર પાણીની ભાળ મળી. ત્યાં જઈ તેમાં પ્રથમ

૧૫. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૨

તેમણે સ્નાન કર્યું. નિત્યક્રમ પતાવ્યો. પછી જમવા માટે તેમને પરબોળિયાની ચાર શીંગો મળી તેને શેકીને ઠાકોરજીને માનસિક થાળ ધરાવી પછી પોતે જમ્યા. પોતે સ્વયં સર્વોપરી ઠાકોરજી હોવા છતાં આપણને શીખ આપવા માટે કે ગમે તેવા સંજોગોમાં-દેશકાળમાં પણ ઠાકોરજીને ભૂલીને કોઈ ક્રિયા ન કરવી. ઠાકોરજીને કદી ગૌણ ન કરવા ને ઠાકોરજીને ભૂલી દેહરખા ન થવું. તે માટે તેઓ પ્રથમ ઠાકોરજીને ધરાવી પછી પોતે જમ્યા.

આવાં અનેક કષ્ટો સહન કરતાં વર્ણી આ ગાઢ જંગલને વીંધી ભૂતપુરી પહોંચ્યા.

# 3

# દક્ષિણથી ઉત્તર ભારત તરફ

**(આ.સં. ૧૮૫૫, ઈ.સ. ૧૭૯૯)**

---

## નીલકંઠ વર્ણી કન્યાકુમારીથી ઉત્તર તરફ

વર્ણી દક્ષિણ ભારતના કન્યાકુમારી ક્ષેત્રમાં પધાર્યા. અહીં બંગાળનો ઉપસાગર ને હિંદ મહાસાગરના સંગમ સ્થળે સ્નાન કરી બંગાળ તેમજ હિંદ મહાસાગરનાં મોજાંઓને વર્ણીએ પ્રસાદીભૂત કર્યાં. અનેક જળચર જીવોનું પણ રૂડું કરી ત્રણ દિવસ ત્યાં રહીને વર્ણીએ ત્યાંથી વિચરણની દિશા હવે બદલી. તેઓએ દક્ષિણમાંથી હવે ઉત્તર ભારત તરફ પ્રયાણ કર્યું. ત્યાંથી ચાલતાં ચાલતાં પદ્મનાભ પધાર્યા. ત્યાંના અનેક મુમુક્ષુજનોને પોતાનાં દર્શનથી સુખ આપી જનાર્દન જવા નીકળ્યા.

નીલકંઠ વર્ણીના ચરણ અડવાણા હતા. તેઓનો ખુલ્લા ચરણે વિચરણનો હેતુ એ જ હતો કે, જે જે સ્થાનકમાં, જે જે ક્ષેત્રમાં, પર્વત પર, જંગલોમાં, નદી, તળાવ, સમુદ્ર વગેરેમાં જ્યાં જ્યાં વિચરણ કરે ત્યાં ત્યાં તે તે સ્થળ પોતાના ચરણથી પાવન થાય; તેને તીર્થભૂમિ કરી તીર્થત્વ મળે. અને પોતાના અનેક ભાવિ સંકલ્પો પણ એ ક્ષેત્રમાં ગુંજતા બને. એવી રીતે વિચરણ કરતાં વર્ણી આદિકેશવ પધાર્યા. ત્યાં કેટલાક દિવસ રહી અનેક લોકોને પોતાની મૂર્તિમાં આકર્ષણ પમાડી આશ્રિત કર્યા. ત્યાંથી થોડે દૂર સુંદરપુર પધાર્યા. ત્યાં બે હજાર જેટલા અસુરો રહેતા હતા. તેમને વર્ણીનાં દર્શન થયાં. પણ આસુરીમતિ હતી આથી તેઓ બોલ્યા કે, ‘‘આ તો આપણો શત્રુ છે. આજે અહીં ખરા લાગમાં આવ્યો છે.’’ એમ કહીને તેઓ વર્ણીને મારવા માટે દોડ્યા. ગામલોકોએ તેમને તેવું ન કરવા સમજાવ્યા. તોપણ તેઓ માન્યા

નહીં. કેટલાક ગામલોકોએ ત્યાંના રાજાને ખબર આપી કે, ‘‘આપણા ગામને વિષે મહાન તપસ્વી વર્ણી આવ્યા છે. તેઓ સાચા તપસ્વી છે. તેમને મારવા માટે અસુરો શસ્ત્રો લઈને તૈયાર થયા છે. આપ વર્ણીની રક્ષા કરી સેવા કરો.’’

રાજાએ તુરત જ પોતાનું સૈન્ય મોકલ્યું. અસુરોને સશસ્ત્ર જોઈ સૈન્ય ખિજાયું અને અસુરો ઉપર હુમલો કર્યો. કેટલાયને તોપે દીધા ને કેટલાયનો શસ્ત્રથી સંહાર કર્યો. એમ ઘડીકમાં તો સૈન્યે ત્યાં બે હજાર જેટલા અસુરોનો નાશ કર્યો. વર્ણીએ રાજાના સૈન્યને નિમિત્ત બનાવીને તે ભૂમિને પાપના ભારથી હળવી કરી દીધી. વર્ણીની સેવા ત્યાંના રાજાએ કરી હતી તેથી વર્ણી તેમનું પૂરું કરવાનો સંકલ્પ કરી આગળ પધાર્યા.

## નીલકંઠ વર્ણી પંઢરપુરમાં

નીલકંઠ વર્ણી મલયાચલની પર્વતમાળા પર ચંદનના વનને વિષે પસાર થયા. ત્યાં અનેક પ્રકારનાં ચંદનનાં વૃક્ષ હતાં. મલયાગરી ચંદનથી વાયુ સુવાસિત થઈ લહેરાઈ રહ્યો હતો.

ચંદનના વૃક્ષ સાથે અનેક ઝેરી સાપો વીંટળાઈ રહ્યા હતા. વર્ણીનો પ્રૌઢપ્રતાપ આવા ઝેરીલા સાપો પર પણ પડ્યા વિના ન રહ્યો. તે સર્વે સાપોને ચંદનના વૃક્ષ કરતાં પણ વિશેષ શીતળતા આ વર્ણીનાં દર્શનમાત્રથી થઈ. સર્વે સાપો ચંદનના ઝાડ પરથી નીચે ઊતરી વર્ણીની પ્રશાંત મુખાકૃતિ તરફ ફેણ અધ્ધર કરી એકીટશે દર્શન કરી રહ્યા. જાણે તેઓ કહેતા હતા કે, હે વર્ણી ! અમો અનેક વર્ષોથી આ યોનિમાં સબડીએ છીએ. કૃપા કરી અમારો અહીંથી ઉદ્ધાર કરો. હજારો વર્ષોથી માત્ર વાયુભક્ષણ કરી તપ કરીએ છીએ. વર્ણી તો એટલા માટે જ ત્યાંથી સંચર્યા હતા. એકસાથે સહુ સર્પો પર અમીદૃષ્ટિ કરી તેમના આત્યંતિક મોક્ષનો સંકલ્પ કર્યો.

વર્ણી આ પર્વત પરના વનને વિષે પાંચ દિવસ સુધી વિચર્યા હતા. પછી ત્યાંથી તેઓ સાક્ષીગોપાલમાં ફરી પધાર્યા. વર્ણી અહીં ન રોકાતાં રસ્તામાં તુંગભદ્રા નદીમાં સ્નાન કરી કિષ્કિંધાપુર પધાર્યા. ત્યાં પંપા સરોવરમાં સ્નાન કર્યું. પંપા સરોવરને પસાર કરી વર્ણી કોપર ગામ પધાર્યા.

વહેલી સવારે ચંદ્રભાગા નદીએ આવી ગયા. ચંદ્રભાગા નદીને વિષે વર્ણીએ સ્નાન કર્યું. વહેતા વારિને પ્રસાદીનું કરી ચંદ્રભાગા નદીને પોતાના સંબંધવાળું તીર્થ

બનાવ્યું. આ નદીના કિનારે જ પંઢરપુર વસેલું છે. (ચંદ્રભાગાને ભીમા નદી પણ કહે છે.) પંઢરપુરને વિષે અનેક શ્રદ્ધાળુઓ-મુમુક્ષુઓ આવતા હોય છે. અનેક મુમુક્ષુઓને પોતાનાં દર્શન-સેવાનો અવકાશ પ્રાપ્ત થાય ને એમના સત્સંગનું બીજ રોપાય તેવા હેતુથી વર્ણી અહીં બે માસ સુધી રોકાયા હતા. અને તે દરમ્યાન અનેક મુમુક્ષુઓને પોતાનાં દર્શન-સ્પર્શ-સેવાનો યોગ આપી તેમને આત્યંતિક મોક્ષના સંકલ્પમાં ભેળવી નીલકંઠ વર્ણીએ વિચરતાં વિચરતાં મહારાષ્ટ્ર રાજ્યમાં પ્રવેશ કર્યો. તેઓએ ત્યાંથી પૂના તરફ પ્રયાણ કર્યું.

## નીલકંઠ વર્ણી પૂનામાં

સંવત ૧૮૫૫ની સાલમાં વર્ણી પૂના શહેરમાં પધાર્યા. પૂના પેશ્વાની રાજધાનીનું શહેર હતું. બાજીરાવ પેશ્વા તેના રાજા હતા. તેના દીવાન તરીકે બાપુગોખલે હતા. તેઓ મરાઠી બ્રાહ્મણ હતા. બાપુગોખલે શુદ્ધ વર્તનશીલ ને ખૂબ ભગવદી હતા. વળી ખૂબ જ ધર્મનિષ્ઠ હતા.

નીલકંઠ વર્ણી તેમની ફૂલવાડીમાં ઊતર્યા હતા. વર્ણીની અલૌકિકતા પૂના શહેરના નિવાસીઓમાં પ્રસરવા લાગી હતી. સ્વયં વર્ણી જ આકર્ષણ કરી મુમુક્ષુઓને પોતાના તરફ ખેંચી રહ્યા હતા. પછી વર્ણીના પ્રભાવની અને એમની અલૌકિકતાની વાતો બાપુગોખલે સુધી પહોંચી. બાપુગોખલે તુરત તેમનાં દર્શન કરવા ફૂલવાડીમાં આવ્યા.

બાપુગોખલેને નીલકંઠ વર્ણીની એકવડી કૃશકાય આકૃતિ, મોહક-તેજસ્વી મુખમુદ્રા ને મોટી મોટી યોગી જેવડી જટા તેમજ સ્થિર શાંત નેત્રોનાં દર્શન કરતાં જ વર્ણીની અલૌકિકતા સ્પર્શી ગઈ. વર્ણીમાં ચુંબકીય આકર્ષણ હતું. બાપુગોખલે તેમના તરફ સહેજે ખેંચાયા. વર્ણીના પ્રભાવ તળે બે હાથ આપોઆપ જોડાઈ ગયા. શીશ વર્ણીના ચરણોમાં ઢળી પડ્યું. વર્ણીએ બાપુગોખલે સામું સ્થિર દૃષ્ટિ કરી. બાપુગોખલેના સર્વે શોકમાત્ર, ઉપાધિમાત્ર હણાઈ ગયાં હોય તેમ હૃદયમાં શાંતિના શેરડા પડી ગયા. આવી અલૌકિક ગહેરી શાંતિમાં ગરકાવ થયેલા તેઓથી શું બોલવું ? વર્ણી સામે કેમ વાત કરવી ? તે માટે શબ્દો ગોઠવાતા ન હતા. તેમના મુખેથી વર્ણી પ્રત્યે સ્તુતિ સરી પડી :

“વર્ણી ! આપ અલૌકિક મૂર્તિ છો. આપનાં દર્શનમાત્રથી તેમજ દિવ્ય સાંનિધ્યથી મને પ્રગાઢ શાંતિનો અનુભવ થયો છે. આપ કોઈ યોગી નથી કે વૈરાગી

સાધુ પણ નથી. આપ તો સ્વયં પ્રભુ છો. એવો આપનો પ્રભાવ અમારા પર આપે પાથર્યો છે. હે વર્ણી ! આપ જે હોય તે... પણ આપના સ્વરૂપનું દર્શન આ આંખોથી કરી શકીએ અને બુદ્ધિથી આપનું મહાત્મ્ય અમે સમજી શકીએ એમ નથી. આપ કૃપા કરી આપના સ્વરૂપનું જ્ઞાન અને મહાત્મ્ય જે હોય તે સમજાવવા કૃપા કરો.''

વર્ણી બાપુગોખલેની સમજશક્તિથી, વિવેકપૂર્ણ વ્યવહારથી તેમજ તેમની મુમુક્ષુબુદ્ધિથી રાજી થયા. આવા ભાવિકને મુમુક્ષુ જાણી વર્ણીએ વિચાર કર્યો કે અહીં રોકાણ કરવું પડશે. આમ વર્ણીનો રાજીપો આ શહેર પર વરસી પડ્યો. તેઓ એક માસ સુધી પૂનામાં રહ્યા.

બાપુગોખલેએ વર્ણીની પોતાના આવાસમાં પધરામણી કરાવી તેમજ ખૂબ ભક્તિભાવપૂર્વક પૂજા કરી.

નીલકંઠ વર્ણીનો સમાગમ કરવા દીવાન નિત્ય સવારે વહેલા આવી જતા. વર્ણીનાં નિત્ય દર્શન-સેવા-સમાગમનો યોગ તેમજ તેમની ઉત્તમ મુમુક્ષુતાના પરિણામે વર્ણીનો એમના પર નિત્ય રાજીપો વરસતો હતો. બાપુગોખલેને વર્ણીના સ્વરૂપનો નિશ્ચય થતાં પોતાને કૃતાર્થપણું મનાયું. પોતાની સેવા સાર્થક થવા લાગી. બાપુગોખલેને થયું કે, આ વર્ણીનાં દર્શન તો પેશ્વા બાજીરાવને કરાવવા જોઈએ.

બાપુગોખલેએ પેશ્વા બાજીરાવને શહેરમાં પધારેલા નીલકંઠ વર્ણીની વાત કરી. એમની પ્રતિભાનો-દિવ્યતાનો મહિમા કહ્યો. પેશ્વાને પણ આ વર્ણીનાં દર્શન કરવાની ઈચ્છા થઈ. તેમણે બાપુગોખલેને વર્ણીને મહેલમાં લઈ આવવા કહ્યું.

દીવાન બાપુગોખલેના અતિ આગ્રહને કારણે વર્ણી પેશ્વા બાજીરાવને દર્શન આપવા તૈયાર થયા. બાપુગોખલે સાથે તેઓ પેશ્વા બાજીરાવને મળ્યા. બાજીરાવે વર્ણીનું સન્માન કર્યું. હાર-ચંદનથી પૂજા-અર્ચના કરી ભોજન પણ જમાડ્યાં. પેશ્વાની આટલી સેવા વર્ણીએ અંગીકાર કરી તે જોઈ બાપુ રાજી થતા હતા. પેશ્વાને ભલે ખબર નથી કે વર્ણી કોણ છે ? કેવા છે ? શા માટે એમનું પ્રાગટ્ય છે ? વર્ણી તો એમના યોગમાં આવનાર અનેકનું પૂરું કરવા જ પધાર્યા હતા ને ! તેથી પેશ્વા બાજીરાવને દૃષ્ટિમાં રાખી લીધા. વર્ણી એમને પણ પોતાના દિવ્ય સંકલ્પમાં સમાવી આશિષ આપી ફૂલવાડીને વિષે પધાર્યા.

ફૂલવાડીમાં રોજ કેટલાય મુમુક્ષુઓ આકર્ષાતા હતા. તેથી ઘણા લોકો વર્ણીનાં દર્શન-સેવા કરવા માટે આવતા થયા. તે સર્વેનું પણ શ્રેય કરી એક માસ પૂનામાં રોકાઈ ત્યાંથી આગળ પધાર્યા.

# નીલકંઠ વર્ણી બુરાનપુર તરફ

વિંધ્યાચળ પર્વતની વાટ લઈ વર્ણી ચાલતા હતા. મધ્યપ્રદેશના બુરાનપુર જતાં વચ્ચે તાપી નદીના કાંઠે સવારમાં પહોંચ્યા. નદીમાં સ્નાન કર્યું. ત્યારબાદ નિત્યક્રમ આટોપવા નદીના ઘાટ પર એક પથ્થરની શિલા પર બિરાજ્યા હતા. એ સમયે જનાબાદ ગામની આહિર નારીઓ નિત્ય દહીં-દૂધ વેચવા બુરાનપુર જતી હતી તે આવી.

ગોરસ વેચવા લઈને નીકળેલી એ નારીઓએ વર્ણીને પૂજામાં તલ્લીન જોયા. વર્ણીમાં આકર્ષણ તો રહેલું જ હતું. બાઈઓને થયું 'આવા બાળજોગી કોણ હશે ? તેમના મુખ પરની તેજસ્વી આભા જોતાં કોઈ મોટા યોગી લાગે છે. આટલી નાની ઉંમરે આટલું આકરું તપ શા સારુ કરતા હશે ? આજે અહીં આ નદીના કિનારે કેમ પધાર્યા હશે ?' એમ અરસપરસ બાઈઓ વાત ચર્ચવા લાગી.

નીલકંઠ વર્ણીને બાઈઓને પોતાનું દિવ્ય દર્શન-સંબંધ કરાવવો હશે આથી તેમણે પોતાનો નિશ્ચય કરાવવા આકર્ષણ કર્યું. બધી જ નારીઓ અરસપરસ આ વર્ણીનાં દર્શન-વાતોમાં જ ગુલતાન બની હતી. સૌ નારીઓ વર્ણી પાસે ખેંચાઈ આવી. વર્ણીનાં દર્શન કર્યાં. અંતરમાં કોઈ અલૌકિક ભાવ જાગ્યા. વિચાર આવ્યો કે, નક્કી આ ભગવાનનું સ્વરૂપ હશે. આ કોઈ બાળક, જોગી કે યોગી નથી. બાઈઓને ત્યાંથી ખસવાનું મન જ થતું નથી. તેમને વિચાર આવ્યો કે, જો તેઓ ભગવાન હશે તો તે અંતર્યામી હોય ને ભક્તના મનોરથ પૂરા કરે. તેમણે સંકલ્પ કર્યો કે, જો તેઓ અમારું ગોરસ જમવા માગે ને બધું જ ગોરસ જમી જાય તો નક્કી સમજવું કે ભગવાન જ છે.

નીલકંઠ વર્ણીએ એ જ સમયે નેત્રો ખોલ્યાં. જનાબાદની મુમુક્ષુ નારીઓ તરફ દૃષ્ટિ કરીને પોતાનો ભગવાનપણાનો નિશ્ચય કરાવવા એમના અંતરના સંકલ્પને જાણી અંતર્યામીપણે સામેથી કહ્યું, "અમને ભૂખ લાગી છે. જો તમારી પાસે કંઈક જમવાનું હોય તો આપો." આ સાંભળી સઘળી બાઈઓ આશ્ચર્યથી એકબીજા સામું જોવા લાગી.

ત્યાં ફરી વર્ણી બોલ્યા, "તમારી મટુકીમાં ગોરસ ભર્યું છે તે આપો. લાવો, એ જ જમીએ." ફરી બાઈઓ આશ્ચર્યમુગ્ધ થઈ. તે બધી જ આહીરની નારીઓ ઊભી થઈ. પોતાનું ગોરસ વર્ણી જમે તે સારુ પડાપડી કરવા લાગી કેમ કે તેમને વર્ણીમાં

હવે ભગવાનપણાની પ્રતીતિ થઈ હતી. તેમના આનંદનો પાર નહોતો. ભાવે કરીને વર્ણીને ગોરસ જમાડ્યું. વર્ણી પણ સર્વે બાઈઓનું બધું જ ગોરસ જમી ગયા ને નારીઓના મનોરથો પૂર્ણ કર્યા.

બાઈઓએ વર્ણીને ભાવથી જમાડ્યા. વર્ણીની સેવા થઈ ગઈ. તેમને ખબર નથી કે વર્ણી કોણ છે ? વર્ણીએ તેમની સેવાથી રાજી થઈને સર્વે બાઈઓને સમાધિ કરાવી. સમાધિમાં પોતાના દિવ્ય તેજોમય સ્વરૂપનાં દર્શન કરાવી ખૂબ સુખ આપ્યું. સમાધિમાંથી જાગી સર્વે બાઈઓ વર્ણીને કરગરી પડી, “આપ અમારે ગામ પધારો. અમને આપની સેવાનો અવસર આપો.” એવી રીતે અતિશે સ્નેહથી આંખોમાં આંસુ સાથે વર્ણીને પ્રાર્થના કરી. વર્ણીએ ત્યારે આશીર્વાદ આપતાં કહ્યું કે, “તમને અમારો જોગ થશે. તમારી સેવા સ્વીકારીશું. તમારા સર્વે મનોરથો પૂર્ણ કરીશું. સત્સંગમાં તમને જન્મ ધરાવીશું. તમે ગુજરાતમાં કચ્છ પ્રદેશમાં જન્મ પામશો. અમારી અલૌકિક મૂર્તિના સુખભોક્તા પણ કરીશું.” આવાં આશિષ વચન ઉચ્ચારી વર્ણી ત્યાંથી બુરાનપુર પધાર્યા.

નીલકંઠ વર્ણી બુરાનપુરથી નીકળી આગળ ચાલતા પધારતા હતા ત્યાં રસ્તામાં એક વણિક મળ્યા. વણિકને વર્ણી પ્રત્યે ખૂબ ભાવ થયો. વર્ણીને પોતાને ઘેર લઈ ગયા ને પ્રેમથી જમાડ્યા. વર્ણી પણ તેમના પ્રેમને વશ થઈ તેમના ઘેર જમ્યા.


વણિકે વર્ણીને રોકાઈ જવાનો આગ્રહ કર્યો. પણ વર્ણી તેમને આશિષ આપી ત્યાંથી ચાલી નીકળ્યા. તેઓ માલેગામ પધાર્યા. ત્યાં પશ્ચિમ દિશામાં એકાંત સ્થળને વિષે રોકાયા. પાસે જ મોસમ નદી કલકલ વહેતી હતી. વર્ણીએ તેમાં સ્નાન કરી પોતાના સંબંધે યુક્ત કરી.

વર્ણી ત્યાંથી ચાલીને દંડકારણ્યમાં પધાર્યા. દંડકારણ્યમાં ગોદાવરી નદી વહે છે. તે ઊંચા-નીચા તેમજ વાંકા-ચૂકા પ્રવાહમાં વેગથી ધસમસતી વહેતી હતી. તેના કિનારે આજે વર્ણી પધાર્યા હોવાથી ઉન્મત્ત બની હતી. કેટલાય વર્ષોથી તે આ વર્ણીની રાહ જોઈ રહી હોય તેમ આજ વર્ણી આવી પહોંચતાં હરખઘેલી બની, પાણી ઉછાળતી વહેવા લાગી.

વર્ણીને પોતામાં સ્નાન કરવા નિમંત્રતી હોય એમ ખળખળ કરતી હતી. વર્ણી પણ તેને પાવન કરવા, તેને સંબંધમાં લેવા ને તેની ધીરજનો અંત આણવા તેમાં સ્નાન કરવા પડ્યા. ગોદાવરી વર્ણીના સ્પર્શથી દિવ્યતા પામી ગઈ. તેને તેનું વહેવું આજ સાર્થક થયું લાગ્યું. વર્ણીને ધીમા ધીમા પાણીના બુંદ વડે અભિષેક કરતી હોય

તેમ પાણીની છાલકો વડે અભિષેક કરતી વહેતી હતી. વર્ણીએ ઘણી વાર જળક્રીડા કરી, પછી બહાર પધાર્યા.

વર્ણી દંડકારણ્યમાં ત્રણ દિવસ સુધી રહ્યા. પછી ત્યાંથી નીકળી નાસિક શહેરમાં પધાર્યા. અહીં પણ શહેરના મધ્યમાંથી વહેતી ગોદાવરીમાં સ્નાન કર્યું. નાસિકમાં પંચવટીને પાવન કરી ત્રંબકેશ્વર પધાર્યા; ત્યાંથી વર્ણીએ હવે પશ્ચિમ તરફ જવા માટે ધરમપુરની વાટ લીધી. ઊંચા પર્વતની હારમાળાઓ તથા ગાઢ જંગલોને ઉલ્લંઘીને ઉતાવળા ચાલ્યા જતા હતા. હવે તેઓએ ગુજરાતમાં પ્રવેશ લીધો. સઘન જંગલોની ઝાડીઓ અને પર્વતોની હારમાળા ઉલ્લંઘતા ઉલ્લંઘતા ધરમપુર પધાર્યા.



**આદ્ય સ્થાપક**
**ગુરુદેવ પ.પૂ. બાપજી**



**દિવ્ય પ્રેરક**
**ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**

# ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પરિચય

"સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં." - આ સૂત્રને જીવનપર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા-ઉપાસના અને મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુદેવ પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે. ગુરુદેવ પ.પૂ. બાપજીની નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણીશુદ્ધતા, નિર્માનીપણું ને શ્રીજીનું જ કર્તાપણું આદિ અનેક ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાનાં પીયૂષ પાયાં છે. ગુરુદેવ પ.પૂ. બાપજી એવા ક્રાંતિકારી યુગપુરુષ છે કે જેમના અલ્પ જોગથી મુમુક્ષુને ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ થઈ જાય અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય. અવરભાવની ૮૬ વર્ષની ઉંમર સુધી તેઓએ વિશેષત: પંચમહાલ અને સમગ્ર ગુજરાતના અસંખ્ય ગામડાંઓમાં તથા દેશ-વિદેશના અનેક શહેરોમાં વિચરણ કર્યું છે. હજારો ભકતોનાં ઘરોની વ્યક્તિગત મુલાકાત લીધી છે. તેઓના દાખડે લાખો સંતો-હરિભકતોના જીવનમાં પરિવર્તનના દીવડા પ્રકાશ્યા છે.

તેઓના ક્રાંતિકારી કાર્યોને વધુ વેગ આપી જન જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાનું નેતૃત્વ સંભાળી રહ્યા છે. સાથે ગુરુદેવ પ.પૂ. બાપજીના તમામ કલ્યાણકારી ગુણોને ધારણ કરી અનેરું શિષ્યત્વ શોભાવી રહ્યા છે. તેઓને સ્વયં સ્વામિનારાયણ ભગવાને પ્રતિમામાંથી પ્રગટ થઈ દીક્ષા આપી આશીર્વાદ આપ્યા : **"ગમે તેવો અધમ અને પાપી જીવ હશે પણ તું એનો મોક્ષસંબંધી જે જે સંકલ્પ કરીશ તે અમો સત્ય કરીશું અને છેક મૂર્તિના સુખમાં પહોંચાડીશું. અમે સદાય તારા ભેળા છીએ. તારા તમામ સંકલ્પો પૂરા થશે. આથી અમે તારું નામ 'સાધુ સત્યસંકલ્પદાસ' રાખીએ છીએ."**

આજે દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તનની સાથે દેહભાવથી પૃથક્ થઈ આત્મભૂમિકાએ અનાદિમુક્તની સ્થિતિ પામી છતે દેહે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું સુખ પામવા માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. આવી ઉચ્ચ આધ્યાત્મિકતાની સાથે શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ  સરકાર દ્વારા આવતા રચનાત્મક આયોજનોમાં પણ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની પ્રેરણાથી સંસ્થા સક્રિય રીતે જોડાતી રહી છે. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કાયમ એક વાત કહી છે કે, એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતા તમામ સેવાકાર્યોનું શ્રેય સ્વામિનારાયણ ભગવાનના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે.

આપણા સૌના જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. જે સમગ્ર સંપ્રદાયના તમામ આશ્રિતગણનું લક્ષ્ય છે, નિશાન છે અને મુકામ છે. સૌએ એમના દિવ્ય સ્વરૂપમાં જોડાઈ છતે દેહે મૂર્તિસુખના અનુભવી થવું અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિને પામવી એ જ અંતિમ લક્ષ્ય સેવવાનું છે.

છતાં શ્રીજીમહારાજના પ્રાગટ્યથી માંડીને આ લોકમાં દેખાતો ભાવ અદૃશ્ય કર્યો ત્યાં સુધીના તેઓના તમામ ચરિત્રો પણ અતિ દિવ્ય ને કલ્યાણકારી જ છે. એ ચરિત્રોનું વાંચન, મનન અને ચિંતન પણ અંતઃકરણને શુદ્ધ અને પવિત્ર કરનાર છે.

સદ્. મુક્તાનંદ સ્વામીએ જ્યારે જ્યારે પણ શ્રીજીમહારાજને પૂછ્યું કે, “હે મહારાજ ! અંતરે શાંતિ થાય, ઉદ્વેગ શમી જાય અને સદાય સુખિયા રહેવાય એવો ઉપાય બતાવો.” ત્યારે ત્યારે શ્રીજીમહારાજ પોતાનાં દિવ્ય ચરિત્રો જ સંભળાવતા. શ્રીજીમહારાજ એમના પ્રશ્નોના સ્થાને શા માટે પોતાનાં દિવ્ય ચરિત્રો સંભળાવતા હશે ? તો આ લીલા પાછળનું રહસ્ય પણ તેઓનું એ જ હતું કે આ બધા પ્રશ્નોનો ઉપાય એટલે અમારા દિવ્ય ચરિત્રોનું શ્રવણ, વાંચન અને મનન કરવું. આ ચરિત્રોમાં સર્વે વાત આવી જાય છે.

આ વાતને સમર્થન આપતાં શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૫૮મા વચનામૃતમાં કહ્યું છે, ‘અમે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને અમારો મહિમા પણ આવી જાય.’ આમ, શ્રીજીમહારાજના દિવ્યજીવનનું વૃત્તાંત સૌના માટે સદાય સુખિયા થવા પથદીપક સમાન છે. માટે આ પુસ્તકમાં રજૂ કરેલ સ્વામિનારાયણ ભગવાનના જીવનવૃત્તાંતના વાંચન-શ્રવણથી જરૂર સર્વે અંગે પૂર્ણ થશે અવી અપેક્ષા છે.

– ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

SMVS
સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા